RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 58* Date: 24.12.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

દેશમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૨૮૭ કેસ થયા

તમિલનાડુમાં ઓમિક્રોન બ્લાસ્ટ; ૨૪ કલાકમાં 33 નવા કેસ નોંધાયા



ચેન્નાઇ,તા.૨૩

તમિનાડુમાં એક જ દિવસમાં ઓમિક્રોનના ૩૩ નવા કેસ નોંધાયા છે. અહીં ઓમિક્રોનના કુલ ૩૪ કેસ થયા છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી મા સુબ્રમણ્યમે આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે ચેન્નઈમાં ૨૬, મદુરેમાં ૪, તિરિવનમલાઈમાં ૨ અને સલેમમાં ૧ કેસ નોંધાયો છે. દેશમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૨૮૭ કેસ થયા છે.

પશ્ચિમ બંગાળની નદિયામાં એક સ્કૂલના એકસાથે ૨૯ બાળકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કલ્યાણી વિસ્તારમાં આવેલી નવોદય કેન્દ્રીય વિદ્યાલયમાં બાકીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો કોરોના રિપોર્ટ કરવામાં આવી રહ્યો છે. સંક્રમિતોની સંખ્યામાં વધારો થઈ શકે છે. સંક્રમિત તમામ બાળકોને ક્વોરન્ટિન કરી દેવાયા છે. ડોક્ટરોની એક ટીમની દેખરેખ હેઠળ તમામની સારવાર કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોરોનાને લઈને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બોલાવી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને અન્ય વિભાગોના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતાં. આ દરમિયાન ઓમિક્રોનના વધતા કેસ પર કાબૂ કેવી રીતે મેળવવો તેના પર ચર્ચા થઈ હતી.નોંધનીય છે કે ઓમિક્રોનની એન્ટ્રી હવે ઉત્તરાખંડ અને હરિયાણામાં પણ થઈ ગઈ છે. સમગ્ર દેશમાં ઓમિક્રોનના કુલ કેસ વધીને ૨૪૭ થઈ ગયા છે.

દેશમાં ઓમિક્રોન વેરિયન્ટના કુલ ૨૪૭ કેસ નોંધાયા છે. તેમા દિલ્હીમાં ઓમિક્રોનના કુલ ૫૭ કેસ નોંધાયા છે. દિલ્હીની લોક નાયક હોસ્પિટલમાં ઓમિક્રોનના ૩૪ દર્દીઓની સારવાર કરાઈ હતી. આ તમામ દર્દીઓએ ફૂલી વેક્સિનેટેડ હતા. તેમાથી બે લોકોએ તો બૂસ્ટર ડોઝ પણ લીધો હતો. દિલ્હીમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ઓમિક્રોનના ખતરાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે રિવ્યૂ મીટિંગ કરી હતી આ બેઠકમાં તમામ મંત્રીઓ અને આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ હાજર રહ્યાં હતાં અને ઓમિક્રોનના ખતરા સામે કેવી તૈયારી છે તે અંગે સમીક્ષા કરી હતી દિલ્હીમાં નવી ગાઇડલાઇન પણ જાહેર કરવામાં આવી હતી

ગઈકાલે દેશમાં કોરોનાના ૭૪૯૫ કેસ નોંધાયા છે જ્યારે ૪૩૪ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસ ૭૮ હજાર ૧૯૦ હતા તે વધીને ૭૮ હજાર ૨૯૧ થયા છે. બે દિવસ અગાઉ દેશમાં કોરોનાના કેસ ૬૩૧૭ નોંધાયા હતા અને ૩૧૮ લોકોના મોત થયા હતા.દેશમાં ૧૭ રાજયમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનના કુલ ૨૮૭ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬૫, દિલ્હીમાં ૫૭, તમિલનાડુમાં ૩૪, કેરળ અને તેલંગાણામાં ૨૪-૨૪, ગુજરાતમાં ૨૩, રાજસ્થાનમાં ૨૨, કર્ણાટકમાં ૧૯, હરિયાણામાં ૪, જમ્મુ-કાશ્મીર અને પશ્ચિમ બંગાળમાં ૩-૩, ઓડિશા, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશ ૨-૨, ચંદિગઢ, લદ્દાખ અને ઉતરાખંડ ૧-૧ કેસ નોંધાયા છે. દેશમાં અત્યાર સુધીમાં ૮૩.૩૧ કરોડ લોકોને પ્રથમ ડોઝ અને ૫૬.૪૩ કરોડને બીજો ડોઝ અપાઈ ગયો છે.

ફૂડ ઓઈલના ભાવમાં વધારો થતાં પેટ્રોલ અને ડિઝલમાં નવા રેટ જાહેર

નવીમુંબઈ,તા.૨૩

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટનો સિલસિલો યથાવત છે. બુધવાર બાદ ગુરુવારે પણ કાચા તેલની કિંમતમાં વધારો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ૭૫ ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગઈ છે. આજે WTI ક્રૂડના ભાવ ૭૩.૧૦ ડોલર અને બ્રેન્ટ ક્રૂડના ભાવ ૭૫.૬૭ ડોલર થઈ ગયા છે.પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવમાં દરરોજ સુધારો કરવામાં આવે છે અને તે પછી નવા ભાવ સવારે ૬ વાગ્યે બહાર પાડવામાં આવે છે. તમે ઘરે બેઠા SMS દ્વારા જ તમારા નજીકના પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલની કિંમત જાણી શકો છો. ઈન્ડિયન ઓઈલ ગ્રાહકો RSP સાથે સિટી કોડ દાખલ કરીને તેમના મોબાઈલ પરથી ૯૨૨૪૯૯૨૨૪૯ પર સંદેશ મોકલો. તમને ઈન્ડિયન ઓઈલ (IOCL) ની સત્તાવાર વેબસાઈટ પર સિટી કોડ મળશે. મેસેજ મોકલ્યા બાદ તમને પેટ્રોલ અને ડીઝલની નવીનતમ કિંમત મોકલવામાં આવશે. એ જ રીતે બીપીસીએલ(BPCL) ગ્રાહકો તેમના મોબાઈલ પરથી આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ પર એસએમએસ મોકલી શકે છે. HPCL ના ગ્રાહકો HPPrice અને ૯૨૨૨૨૦૧૧૨૨ લખીને SMS મોકલી શકે છે.દેશની મુખ્ય સરકારી ઓઈલ કંપનીઓએ ગુરુવાર તારીખ ૨૩ ડિસેમ્બર માટે પેટ્રોલ અને ડીઝલના નવા દર જાહેર કર્યા છે. આજે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. જણાવી દઈએ કે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર થયાને આજે ૫૦ દિવસ થઈ ગયા છે.

કેટલાક માટે ગાયની વાત કરવી ગુનો પણ અમારા માટે તો માતા છે: પીએમ મોદી

,વારાણસી,તા.૨૩

ગુરુવારે ફરી એક વખત વારાણસી પહોંચેલા પીએમ મોદીએ ૮૭૦ કરોડના ૨૨ પ્રોજેકટનુ લોકાર્પણ કર્યુ હતુ અને બીજી ૧૨૨૫ કરોડની પાંચ યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આજનો દિવસ વારાણસીના ખેડૂતો તેમજ પશુપાલકો માટે મહત્વનો છે.તેમણે પૂર્વ પીએમ ચૌધરી ચરણસિંહને પણ યાદ કર્યા હતા.પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આપણે ત્યાં ગાય અને છાણની વાત કરવાને પણ કેટલાક લોકોએ ગુનો બનાવી દીધો છે.તેમન માટે ગાયની વાત કરવી ગુનો હોઈ શકે છે પણ આપણા માટે તો માતા છે.ગાયની મજાક ઉડાવનારા ભુલી જાય છે કે, દેશના આઠ કરોડ લોકોની આજીવીકા પશુધનથી ચાલે છે.ભારત દર વર્ષે સાડા આઠ લાખ કરોડ રુપિયાના દુધનુ ઉત્પાદન કરે છે.

તેમણે કહ્યુ હતુ કે, બનાસ ડેરીના પ્લાન્ટથી પૂર્વાંચલના ૬ જિલ્લાના લોકોને નોકરી મળશે અને પશુપાલકોને ફાયદો થશે.આજે યુપીના લાખો લોકોને તેમના ઘરના દસ્તાવેજ પણ આપવામાં આવ્યા છે.આજે જે નવી યોજનાઓ લોન્ચ કરાઈ છે તેનાથી વારાણસીની તસવીર બદલાઈ જશે.એક જમાનો હતો કે ,આપણા આંગણામાં બાંધેલા દુધાળા ઢોરની સંખ્યાના આધારે ઘરની સમૃધ્ધિ નક્કી થતી હતી.શાસ્ત્રોમાં પણ કહેવાયુ છે કે, ગાયો આપણી ચારે તરફ છે અને ભગવાન ગાયો વચ્ચે નિવાસ કરે છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, પશુપાલતોને આ સરકારે કિસાન ક્રેડિટ કાર્ડ સાથે જોડયા છે.ડેરી સેક્ટર માટે અલગ કમિશન બનાવ્યુ છે અને પશુઓની સારવાર ઘરે થાય તે માટે દેશવ્યાપી અભિયાન ચલાવ્યુ છે.સરકારે પશુઓને મફત રસી મુકવાની સુવિધા આપી છે.

તેમણે કહ્યુ હતુ કે, યુપી આજે દેશનુ સૌથી મોટુ દુધ ઉત્પાદક રાજ્ય છે અને રાજયમાં ડેરી સેક્ટરના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો થઈ શકે તેમ છે.૧૦ કરોડ નાના ખેડૂતો માટે પશુપાલન વધારાની આવકનુ સાધન બની શકે છે.ભારત પાસે ડેરી પ્રોડક્ટ માટે વિશ્વનુ મોટુ બજાર છે.મહિલાઓ માટે પશુપાલન આગળ વધવાનો અને સક્ષમ બનવાનો રસ્તો છે.

દરમિયાન સીએમ યોગીએ કહ્યુ હતુ કે, પીએમ મોદીની દુરંદેશી વગર અહીયા બનાસ ડેરીનો પ્લાન્ટ સ્થપાયો ના હોત.પહેલા બજાર સમિતિઓ ખેડૂતોનુ શોષણ કરતી હતી અને હવે ખેડૂતોની પ્રગતિનો આધાર બની રહી છે.

ભારતે રચ્યો ઈતિહાસ

સતત બીજા દિવસે 'પ્રલય' બૈલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરી બનાવ્યો રેકૉડ

,ભુવનેશ્વર,તા.૨૩

ભારતે ગુરૂવારે ઈતિહાસ રચતા ૨૪ કલાકમાં બીજી અર્ધ બૈલિસ્ટિક મિસાઈલ 'પ્રલય'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. તેની સાથે જ ભારતના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે ૨૪ કલાકની અંદર બે બેલિસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ થયું હોય. આ મિસાઈલ સપાટીએથી સપાટી પર પ્રહાર કરનારી છે અને ૧૫૦થી ૫૦૦ કિલોમીટરની વચ્ચે ટારગેટને તબાહ કરી શકે છે.સરકારી અધિકારીઓએ તેની જાણકારી આપી છે. અર્ધ બૈલિસ્ટિક મિસાઈલ પ્રલયનું આજે સવારે ઓડિશા કિનારાના ડૉ એપીજે અબ્દુલ કલામ દ્વીપથી પરીક્ષણ કરવામાં આવ્યું. રક્ષા અનુસંધાન વિકાસ સંગઠન દ્વારા વિકસિત ઠોસ-ઈંધણ, યુદ્ધક મિસાઈલ ભારતીય બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ 'પૃથ્વી રક્ષા વાહન' પર આધારિત છે. સપાટીથી સપાટી પર માર કરનારી મિસાઈલની પેલોડ ક્ષમતા ૫૦૦-૧૦૦૦ કિલોગ્રામ છે. સૂત્રોના અનુસાર આ મિસાઈલ વિશે ડીઆરડીઓ દ્વારા વર્ષ ૨૦૧૫માં ચર્ચા કરવામાં આવી હતી. ડીઆરડીઓએ પોતાની વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ બેલિસ્ટિક મિસાઈલ ચીનની બેલિસ્ટિક મિસાઈલોનો સામનો કરવામાં સંપૂર્ણ સક્ષમ છે. આ મિસાઈલની ખાસિયત એ છે કે તેને જમીનની સાથે-સાથે કન્સટરથી પણ છોડી શકાય છે.

બૂસ્ટર ડોઝના આડેધડ ઉપયોગથી મહામારીનો અંત નહીં આવે : ડબ્લ્યુએચઓ

અમેરિકા,તા.૨૩

યુરોપમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના ટોચના અધિકારીએ ઓમિક્રોન વેરિઅન્ટને કારણે સમગ્ર વિશ્વમાં કોરોનાવાયરસના કેસોમાં "નોંધપાત્ર વધારો" માટે સરકારોને તૈયાર રહેવા જણાવ્યું હતું. ઓમિક્રોન પહેલાથી જ ઘણા દેશોમાં પ્રભુત્વ ધરાવે છે. WHOના સ્થાનિક નિર્દેશક ડૉ. હંસ ક્લુગે વિયેનામાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "અમે બીજું તોફાન આવતા જોઈ શકીએ છીએ. થોડા અઠવાડિયામાં ઓમિક્રોન આ ક્ષેત્રના વધુ દેશો પર પ્રભુત્વ મેળવશે. જે આરોગ્ય પ્રણાલીઓને વધુ અસર કરશે જે પહેલાથી જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડાએ ચેતવણી આપી છે કે અમીર દેશોમાં આડેધડ રીતે રસીના બૂસ્ટર ડોઝનો ઉપયોગ કોવિડ-૧૯ રોગચાળાને ટકી રહેવાની શક્યતા વધારે છે. તે જ સમયે, તેમણે કહ્યું કે આ વૈશ્વિક રસી અસમાનતામાં વધુ વધારો કરે છે અને કોઈપણ દેશ આ રીતે મહામારીની પકડમાંથી બહાર આવી શકશે નહીં. ઓમિક્રોન વેરિઅન્ટ ઘણા દેશોમાં પ્રબળ બની ગયું હોવાથી આપણે વધુ સાવચેત રહેવાની જરૂર છે. ૨૦૨૧ આપણામાંના ઘણા લોકો માટે ખૂબ જ દુઃખદ વર્ષ રહ્યું છે. પરંતુ નવા વર્ષમાં આમાંથી કેટલાક પાઠ શીખવા પડશે.

કોવિડ -૧૯ રોગચાળો ૨૦૨૨ માં સમાપ્ત થવો જોઈએ." તેમણે કહ્યું કે WH સોલિડેરિટી ટ્રાયલ વેક્સિન્સ દ્વારા રસીની આગામી પેઢી પર પણ કામ કરી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ લાંબા સમયથી ચેતવણી આપી છે કે રસીકરણની અસમાનતા વાયરસના નવા પ્રકારો બહાર આવવા દેશે, કારણ કે ચેપનો વધુ ફેલાવો વાયરસને પરિવર્તન કરવાની વધુ તક આપે છે. WHના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે બુધવારે જણાવ્યું હતું કે રસીએ આ વર્ષે ઘણા લોકોના જીવ બચાવ્યા છે, પરંતુ તેના અસમાન વિતરણને કારણે ઘણા લોકોના મોત પણ થયા છે. ટેડ્રોસે અગાઉ અસમાન વૈશ્વિક રસીના વિતરણનો સામનો કરવા માટે આ વર્ષના અંત સુધીમાં તંદુરસ્ત પુખ્ત વયના લોકો માટે બૂસ્ટર ડોઝને સસ્પેન્ડ કરવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે દરરોજ આપવામાં આવતી રસીના ડોઝમાંથી ૨૦ ટકા બૂસ્ટર છે. તેમણે કહ્યું કે અમીર દેશોમાં ઝડપી બૂસ્ટર ડોઝ કોવિડ-૧૯ રોગચાળાને ટકી રહેવાની શક્યતા વધુ બનાવશે, તેનો અંત નહી. તેમણે કહ્યું કે ઉચ્ચ રસીકરણ કવરેજ ધરાવતા દેશોમાં રસીના પુરવઠામાં વધારો કરવાથી વાયરસને ફેલાવવાની અને તેના પ્રકારો બદલવાની વધુ તક મળશે. ટેડ્રોસે કહ્યું કે હોસ્પિટલમાં દાખલ થયેલા અથવા કોરોના વાયરસના ચેપને કારણે મૃત્યુ પામેલા લોકોનો મોટો હિસ્સો રસી મેળવી શક્યા નથી. તેમણે કહ્યું, "વૈશ્વિક પ્રાથમિકતા તમામ દેશોમાં શક્ય તેટલી વહેલી તકે ૪૦ ટકા રસીકરણના લક્ષ્યને પૂર્ણ કરવાની હોવી જોઈએ અને તમામ દેશોએ તેને સમર્થન આપવું જોઈએ. આવતા વર્ષના મધ્ય સુધીમાં તમામ દેશોની ૭૦ ટકા વસ્તીને રસી આપવામાં આવશે.

અમેરિકામાં ફાઈઝરની ગોળી પેક્સલોવિડને મંજુરી મળી

અમેરિકા,તા.૨૩

કોરોના સામેની વૈશ્વિક લડાઈમાં આ એક ઐતિહાસિક પગલું છે. ફાઈઝરના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને પ્રેસિડેન્ટ આલ્બર્ટ બોરુલાએ જણાવ્યું કે હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૨,૨૦૦ લોકો પર આ ટેબલેટનું પરીક્ષણ કર્યું અને તેમાં અણધાર્યા પરિણામો જોવા મળ્યા. ગોળીઓ મૃત્યુના જોખમને ૮૮ ટકા સુધી ઘટાડી શકે છે. ઓમિક્રોન વેરિઅન્ટવિશે હમણાં જ ખબર પડી છે. એટલા માટે કંપનીએ હજુ સુધી તેનું પરીક્ષણ કર્યું નથી. જો કે, આ દરમિયાન, નિષ્ણાતો કહે છે કે ટેબ્લેટની કાર્ય કરવાની રીત એન્ટિબોડીઝ અથવા રસીઓથી થોડી અલગ હોવાથી આ ટેબલેટ માત્ર ઓમિક્રોન જ નહી કોરોનાના કોઈપણ પ્રકાર સામે અસરકારક રહેશે. પેક્સલોવિડ ટેબ્લેટની અરજી યુએસ ડ્રગ કંટ્રોલર યુએસએફડીએની સમિતિ સમક્ષ પહોંચી હતી. સમિતિના તમામ સભ્યોએ તેના ઉપયોગની પરવાનગી આપી દીધી છે. આ સંદર્ભમાં સમિતિને સુરક્ષા સંબંધિત વધુ ખતરો જોવા મળ્યો નથી. ૅaxlovid Tablet પ્રોટીઝની પ્રવૃત્તિને અટકાવે છે. પ્રોટીઝ એ એક એન્ઝાઈમ છે જે વાયરસની નકલ કરવામાં મદદ કરે છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રોએ એક અઠવાડિયામાં ઓમિક્રોનથી ચેપમાં લગભગ છ ગણો વધારો નોંધાવ્યો છે, પરંતુ દેશના મોટાભાગના ભાગોમાં ઓમિક્રોનનો વ્યાપ વધુ છે. ન્યૂ યોર્ક પ્રદેશ, દક્ષિણપૂર્વ, ઔદ્યોગિક મિડવેસ્ટ અને પેસિફિક નોર્થવેસ્ટમાં ૯૦ ટકા જેટલા નવા કેસ માટે ઓમિક્રોન વેરિઅન્ટ જવાબદાર હોવાનું નોંધાયું છે.યુએસ એફડીએએ કોરોના મહામારી સામેની લડાઈ માટે ફાઈઝરની ગોળી પેક્સલોવિડને જૂરી આપી છે. હવે પેક્સલોવિડ ટેબ્લેટનો ઉપયોગ કોરોનાની સારવાર દરમિયાન ૧૨ વર્ષ અને તેથી વધુ વયના લોકોમાં ઉચ્ચ જોખમમાં થઈ શકે છે. જો કે, આ ટેબ્લેટના ગ્રીન સિગ્નલની હજુ પણ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની રાહ જોવામાં આવી રહી છે. આ પહેલી દવા છે જેનાથી નવા સંક્રમિત દર્દીઓ હવે હોસ્પિટલમાંથી બહાર રહેવા માટે ઘરે જઈ શકશે. ફાઈઝરની પેક્સલોવિડ ટેબ્લેટનો ઉપયોગ કોરોના વાયરસ સામેની લડાઈમાં કરવામાં આવશે.

વડાપ્રધાન યુપીને મેજર ધ્યાનચંદ સ્પોર્ટસ યુનિવર્સિટીની ભેટ આપશે

ઉતરપ્રદેશ,તા.૨૩

સરકાર આવતા અઠવાડિયે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં નિર્માણ થનારી સ્પોર્ટ્સ યુનિવર્સિટીની ડિઝાઈન બહાર પાડશે અને આ માટે સરકારે કન્સલ્ટન્ટ એજન્સીને ડીપીઆર સાથે વહેલી તકે ડિઝાઈન આપવા જણાવ્યું છે.ઉત્તર પ્રદેશમાં યોજાનારી ચૂંટણી માટે ચૂંટણીની સૂચના પહેલા ૪ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરી શકે છે. તેને પશ્ચિમ યુપીમાં ભાજપનો ચૂંટણી શંખ માનવામાં આવી રહ્યો છે. કારણ કે અત્યાર સુધી પીએમ મોદીએ પૂર્વાંચલ, મધ્ય, રોહિલખંડ અને બુંદેલખંડમાં ચૂંટણી રેલીઓ કરી છે.

મળતી માહિતી મુજબ ૪ જાન્યુઆરીએ મેરઠમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવામાં આવશે અને આ અઠવાડિયે ચૂંટણી આચારસંહિતા જાહેર થવાની આશા છે. હાલમાં પશ્ચિમ યુપીમાં પીએમની રેલીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને ભાજપે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ રેલીમાં ૧.૫ લાખથી વધુ લોકો ભાગ લઈ શકશે. બીજી તરફ કેન્દ્રીય મંત્રી ડૉ. સંજીવ બાલ્યાન, ધારાસભ્ય સંગીત સોમ, કમિશનર સુરેન્દ્ર સિંહ, આઈજી પ્રવીણ કુમાર અને અન્ય અધિકારીઓએ બુધવારે રેલી સ્થળની મુલાકાત લીધી હતી અને નિરીક્ષણ કર્યું હતું.

હકીકતમાં, રાજય સરકારે મેરઠના સરધના વિસ વિસ્તાર હેઠળના સલવા ગામમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે બજેટ ફાળવ્યું છે. તે જ સમયે, રાજયના સીએમ યોગી આદિત્યનાથે તાજેતરમાં આ યુનિવર્સિટી માટે જાહેરાત કરી હતી. જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદીની રેલીને લઈને પીએમઓની મંજૂરી મળવાની બાકી છે. પરંતુ પીએમ મોદીની રેલીને ધ્યાનમાં રાખીને રાજય સરકાર અને જિલ્લા પ્રશાસને તૈયારીઓ શરૂ કરી દીધી છે.

એવી ચર્ચા છે કે પીએમઓ તરફથી મંજૂરી મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૪ જાન્યુઆરીએ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરશે અને તેને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રી ડૉ.સંજીવ બાલિયાન, ધારાસભ્ય સંગીત સોમ, કમિશનર સુરેન્દ્રસિંહ જાડેજા, પી.એમ. સિંઘ, આઈજી પ્રવીણ કુમારે સલવાની મુલાકાત લીધી હતી. મળતી માહિતી મુજબ, પીએમ મોદી પહેલીવાર મેરઠ જિલ્લાના મુઝફ્ફરનગર લોકસભા ક્ષેત્ર હેઠળના સરધના વિસ્તારમાં રેલી કરવા જઈ રહ્યા છે.

તંત્રી સ્થાનેથી...

હિંદુ-હિંદુત્વ વચ્ચે ફરક કરવાની કુટિલતા

પોતાના પુસ્તક 'વ્હાય આઇ એમ એ હિંદુલ્ના માધ્યમથી વરિષ્ઠ કોંગ્રેસી નેતા શશિ થરુરે હિંદુ ધર્મ અને હિંદુત્વમાં વિભેદ પેદા કરવાની રાજનીતિની શરૂઆત કરી હતી. બાદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે પોતાના નવા પુસ્તક 'સનરાઇઝ ઓવર અયોધ્યાલ્માં હિંદુત્વની તુલના કુખ્યાત આતંકવાદી સંગઠનો આઇએસઆઇ અને બોકો હરામ જેવું ગણાવ્યું હતું. ત્યારબાદ શશિ થરુરે પોતાના એક પુસ્તક 'પ્રાઇડ, પ્રેજ્યુડિસ એન્ડ પંડિટરી : ધ અર્સેશિયલ શશિ થરૂરલ્ના વિમોચન પર હિંદુ ધર્મ અને હિંદુત્વ વચ્ચે અંતર હોવાનું જણાવ્યું. આ અકારણ જ નથી કે હિંદુ ધર્મ અને હિંદુત્વને અલગ-અલગ ગણાવવાના આ અભિયાનમાં રાહુલ ગાંધી કરતાં પહેલાં પી.ચિદમ્બરમ, દિગ્વિજય સિંહ, પવન ખેડા અને મણિશંકર અય્યર જેવા તમામ નેતાઓ પણ કૂદી પડ્યા.

રાહુલ ગાંધીએ પણ હાલમાં જ મોંઘવારી મુદ્દે નીકળેલી રેલીમાં હિંદુ અને હિંદુત્વ અલગ હોવાનું જ્ઞાન પીરસ્યું. તેઓ કહે છે કે 'હું હિંદુ છું, હિંદુત્વવાદી નહીં.લ્ન હિંદુત્વ વિરુદ્ધ યોજનાબદ્ધ રીતે ચલાવાઈ રહેલા આ અભિયાનને હળવાશથી ન લેવું જોઇએ. કોંગ્રેસના આ નેતાઓએ પશ્ચિમતરફી લેખકોને હવે રાષ્ટ્રવાદીની સાથે જ હિંદુત્વવાદી શબ્દ પર પણ બોલવા અને લખવાનો અવસર આપી દીધો છે. જ્યારથી દેશે રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપતાં પોતાની તૈયારી વધારી દીધી છે ત્યારથી એક ખાસ સમૂહ ભારતને બદનામ કરવા તત્પર છે. સર્જિકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇક, ગલવાન ઘાટીની ઘટનાથી વિશ્વમાં ભારતની જે છબિ બની છે, તે તેમને સ્વીકાર્ય નથી. ભારતની બહાર ૧૮મી સદીના અંતિમ ચરણથી લઈને ૧૯મી સદીના મધ્ય સુધી રાષ્ટ્રવાદ માનવવાદી અને લોકતંત્રવાદી વિચારોથી સંપ્રેષિત હતો, પરંતુ ગત સવા સો વર્ષમાં રાષ્ટ્રવાદ અસહિષ્ણુતા, કટ્ટરતા, નસ્લવાદ, અલ્પસંખ્યકોના ઉત્પીડન, સામ્રાજ્યવાદ અને આક્રમણો સાથે જોડાઈ ગયો છે. અખિલ જર્મનવાદ, ઝારવાદી સામ્રાજ્યવાદ, જાપાની સૈન્યવાદ, ફાસીવાદ અને હવે સામ્યવાદી સામ્રાજ્યવાદ તેનાં પ્રમાણ છે. ૧૯મી સદીના યૂરોપમાં રાષ્ટ્રવાદ પર વ્યાપક ચર્ચા થઈ, જેમાં માનવતાવાદી રાષ્ટ્રવાદ, નસ્લવાદી રાષ્ટ્રવાદ, ક્ષેત્રીય રાષ્ટ્રવાદ, બંધારણીય રાષ્ટ્રવાદ, ઉદારવાદી રાષ્ટ્રવાદ, આધ્યાત્મિક રાષ્ટ્રવાદ અને લોકતાંત્રિક રાષ્ટ્રવાદ વગેરે વ્યાખ્યાઓનો ઉદ્ભવ થયો. જો ઉપરોક્ત વ્યાખ્યાઓનું વર્ગીકરણ કરવામાં આવે તો મુખ્યત્વે બે જ રાષ્ટ્રવાદ હોય છે - આક્રમક અને ઉદાર.

ભારતીય રાષ્ટ્રવાદની અવધારણા મૌલિક છે, જ્યારે પશ્ચિમી રાષ્ટ્રવાદ પ્રતિક્રિયાની ઉપજ છે. ભારતના મૌલિક અને પ્રાકૃતિક રાષ્ટ્રવાદને જ હિંદુ રાષ્ટ્રવાદ કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ કહેવામાં આવ્યો. પશ્ચિમમાં રાષ્ટ્રની અવધારણા ગત બે-ત્રણ શતાબ્દીમાં ચર્ચિત થઈ છે. ભારત એક પ્રાચીન રાષ્ટ્ર છે. ભૂમિ, જન અને સંસ્કૃતિના જોડાણથી તે રાષ્ટ્ર બન્યું છે. સંસ્કૃતિ રાષ્ટ્રનું શરીર, ચેતના આત્મા અને વિરાટ તેના પ્રાણ છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષના આધાર પર અહીં એક શ્રેષ્ઠ જીવન પદ્ધતિ વિકસિત થઈ છે. રાષ્ટ્રની સંસ્કૃતિ ધર્મ પર આધારિત છે. પ્રિયંકા ગાંધી વાદેરા દ્વારા કહેવામાં આવેલા 'હું દેશભક્ત છું, રાષ્ટ્રવાદી નહીંલ્ન શબ્દોને પકડીને પશ્ચિમના પિઠ્ઠુ અંગ્રેજી લેખકોએ 'પેટ્રિયટિઝમ વિરુદ્ધ નેશનલિઝમલ્ની ચર્ચા છેડી. આ લેખકો પોતાની લખાવટમાં ભારતની રાષ્ટ્રની અવધારણા અને તેના રાષ્ટ્રપ્રેમ પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરી રહ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનાં પરિણામ તેમને 'ઉગ્ર-અંધ-ઝેરીલ્ન રાષ્ટ્રવાદનો વિજય લાગે છે. તેને હિટલરના રાષ્ટ્રવાદ સાથે જોડવામાં આવે છે. જૂન ૨૦૧૯માં એક કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહસરકાર્યવાહક ડો.મનમોહન વૈદ્યે કહ્યું કે રાષ્ટ્રવાદ નહીં 'રાષ્ટ્રીયલ્ન ભારતીય શબ્દ છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં સંઘના સરસંઘચાલક ડો.મોહન ભાગવતે પોતાના એક સંબોધનમાં આગ્રહ કર્યો કે રાષ્ટ્રવાદ નહીં, રાષ્ટ્રીય કહો, પરંતુ પ્રચલનમાં રાષ્ટ્રવાદ શબ્દ ચાલી નીકળ્યો છે. તેથી રાષ્ટ્રવાદ શબ્દનો ઉપયોગ થઈ રહ્યો છે. પંડિત દીનદયાલ ઉપાધ્યાયે 'એકાત્મ માનવતાલ્ન શબ્દનો ઉપયોગ કર્યો હતો, જે બાદમાં એકાત્મ માનવવાદના નામે પ્રચલનમાં આવ્યો. તેમણે 'માનવવાદલ્ન શબ્દનો ઉપયોગ આજના પાશ્ચાત્ય અર્થમાં નહોતો કર્યો. તેઓ પણ પશ્ચિમના 'વાદ/ઇઝમલ્ને સ્વયંકેન્દ્રિત અને ઈશ્વર વિરોધી માનતા હતા.

પહેલા રામ મંદિરના ડોનેશનમાં ગોટાળો કર્યો અને હવે અયોધ્યામાં દલિતોની જમીન પડાવી લીધી: પ્રિયંકા ગાંધી

,નવીદિલ્હી,તા.૨૩

અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા બાદ રામ મંદિરની આસપાસની જમીન પાણીના ભાવે ખરીદવાનો મામલો હવે તૂલ પકડી રહ્યો છે.

અયોધ્યાના મેયર, પૂર્વ કમિશનર તેમજ બીજા રાજકારણીઓ અને અધિકારીઓએ અહીંયા જમીનો ખરીદી હોવાનો પર્દાફાશ એક અંગ્રેજી અખબારે કર્યા બાદ યુપીમાં ચૂંટણી પ્રચાર કરી રહેલા કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ આ મામલામાં ગોટાળાનો આરોપ લગાવ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, પહેલા રામ મંદિરના ડોનેશનમાં કૌભાંડ થયુ હતુ અને હવે દલિતોની જમીન હડપ કરવામાં આવી રહી છે.આ મામલાની તપાસ જિલ્લા સ્તરના અધિકારીને સોંપવામાં આવી છે.તેની તપાસ સુપ્રીમ કોર્ટની નજર હેઠળ થવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, અંગ્રેજી અખબારે અયોધ્યામાં કયા રાજકારણી અને કયા અધિકારીએ કેટલી જમીન કેટલા રુપિયામાં ખરીદી તેનો અહેવાલ બે દિવસ અગાઉ પ્રસિધ્ધ કર્યો હતો.

ડાંગ જિલ્લામા 'કોરોનાની માર્ગદર્શિકા તા.૩૧મી ડિસેમ્બર સુધી લંબાવાઈ

આહવા તાઃ ૨૩ઃ

નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામા આવેલ છે. સમગ્ર ભારત દેશમા નોવેલ કોરોના વાઇરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005 અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના હુકમ, તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ સહિતના વિવિધ હુકમો દ્વારા, સમયાંતરે Surveillance, Containment અને ઝ્રઈ-૧૯ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાઓ જાહેર કરવામા આવેલ છે.

છેલ્લા થોડાક માસથી સમગ્ર દેશમા કોવિડ-૧૯ના એક્ટિવ કેસોની સંખ્યામા નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતા COVID-19ના સંક્રમણને રોકવા, તથા તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા, સાવચેતી તથા નિયત કન્ટેઈનમેન્ટ સ્ટ્રેટેજીનુ પાલન કરવુ આવશ્યક જણાતા, Surveillance, Containment અને COVID-19ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authorityના નિર્દેશો મુજબ સમગ્ર રાજયમા અમલમા મુકવામા આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા, પુનઃ સમીક્ષા કરતા ગૃહ વિભાગના એક હુકમથી મુકવામા આવેલ નિયંત્રણો તા.૨૦/૧૨/૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૩૧/૧૨/૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવામા આવેલ છે.તદનુસાર સમગ્ર ડાંગ જિલ્લામા પણ આ જાહેરનામામા દર્શાવેલ નીચે મુજબના નિયંત્રણો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે, તા.૩૧/૧૨/૨૦૨૧ના સુધી લંબાવવામા આવે છે.

તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરેન્ટસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ ચાલુ રાખી શકાશે.

સિનેમા થિયેટરો ૧૦૦% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

જીમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધિન ચાલુ રાખી શકશે.

જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.P. ને આધિન ખુલ્લા રાખી શકાશે.

આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ (ચારસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે.અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી રહેશે.

તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમા તેમજ ધાર્મિક સ્થળોમા કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.P. ને આધિન, ખુલ્લામા મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામા) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.

ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના વિદ્યાર્થીઓ સાથે બેચવાઇઝ કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે ચાલુ રાખી શકાશે.

શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામા આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે.

શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

વાંચનાલયો ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનુ પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે. પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટની નોન. એ.સી. બસ સેવાઓ ૧૦૦% ક્ષમતા સાથે (Standing not allowed) જયારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમા ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામા આવે છે.

પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમા રમતગમત ચાલુ રાખી શકાશે.

ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦% કેપેસીટીમા ચાલુ રાખી શકાશે.

વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ મહત્તમ ૭૫% કેપેસીટીમા ચાલુ રાખી શકાશે.

સ્પા સેન્ટરો નિયત કોરોના ગાઇડલાઇનના ચુસ્તપણે પાલન સાથે સવારના ૦૯.૦૦ થી રાત્રીના ૦૯.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

ઉપરોકત તમામ આર્થિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે. જે વ્યકિતઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમા RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/હોસ્પિટલની Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેક્સીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. પ્રથમ ડોઝ લીધાને નિયત સમય મર્યાદા પુર્ણ થયેલ હોય તો બીજો ડોઝ પણ લીધેલ હોય તે હિતાવહ રહેશે. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

અન્ય રાજયોમાંથી ગુજરાતમા પ્રવેશ કરતા મુસાફરોને RTPCR Test સંબંધમા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામા આવેલ સૂચનાઓ લાગુ રહેશે.

આ હુકમના ભંગ બદલ THE EPIDEMIC DISEASES ACT 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ, INDIAN PENAL CODEની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGEMENT ACTની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામા આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

નરેન્દ્ર પવાર

હું મને ઓળખુ તું તને ઓળખ ને ભેગા થઈ બધાને ઓળખીએ

હું કાર્યની શરૂઆત કરું એના કરતા પહેલા હું મને ઓળખતો બનું તો વધું સારું કેમકે જાતને ઓળખી જઈએ તો ઘણા પ્રશ્નો સોલ થઈ જાય ,કામનો પ્રારંભ કરતા,પોતાની જાતને ઓળખવી પડે,પહેલા ભીતરમા જાઓ પછી પ્રારંભ કરો,તો કોઈ પણ કાર્યકરવામાં સફળ થવાય,આપણે ઘણું સમાજમાં જોયુ છે ×લોક કામની શરૂઆત કરતા પહેલા કોઈક સલાહ લે ,ત્યાર પછી કાર્ય કરવા પ્રેરાય ,આવું કરવાથી ઘણીવાર અધવચ્ચેથી પાછું વળવું પડે,બધા સલાકારો સક્ષ્મ નો નથી હોતા,જે આપણને મંજિલ સુધી લઈ જાય, કાર્યરંભ કરતા પહેલા આપણે સ્વયંને ઓળખવા પડે,સજ્જ કરવા પડે,કેટલાક પ્રશ્નો જાતને પુછવા પડે,એ બધા પ્રશ્નોના જવાબ જાત આપી દે તો સમજો તમે અડધી સફળતા પામી ગયા છો.ને જો પ્રશ્નો એ પ્રશ્નો રહ્યા તો સમજો આપણે અડધા અસફળ થઈ ગયા છે.પહેલા તો એ જાણવું કે શું હું આ કાર્ય માટે યોગ્ય છું?યોગ્ય છું તો મારે સફળ બનવા શું કરવું જોઈએ?કેમ બીજા કરી શકે તો હું ના કરી શકું?આ બધાએ પ્રશ્નોનો જવાબ જાત તમને આપી શકે હકારાત્મક રીતે તો સમજો કે કાલ તમે સફળ બની ગયા.આપણે આપણને ઓળખી જઈએ તો ઘણા કાર્ય કરવા જાત આપણને પ્રોત્સાહિત કરે.જાત પ્રોત્સાહિત કરતી થાય એટલે ઘણા લક્ષ પ્રાપ્ત કરવામાં સફળ બનીએ ,કોઈ પણ સ્થિતિમાં જાત સાથે સમાધાન કરીએ તો કેટલીએ મુશ્કેલીઓ આપોઆપ મટી જાય છે. તમે સ્વયંને ઓળખો,ખોળો,સમજો,વિચારો,ને ઉત્તરો મેળવો,આ બધુ કરતા થયા ત્યારે જીવન મજાનું બની જશે.ઉચ્ચ વિચારો એજ કેળવવા કે હું મને ઓળખી લઉ તમે તમારી જાતને ઓળખો,આ સમજવાનું ,ઓળખવાનું કાર્ય પુર્ણ થઈ જાય તો તમે બીજાને ઓળખો,બીજાને ઓળખી પછી જમાના તરફ વધો તો જીવતરને જીવવાની મજા આવશે.

પ્રેમની પરીપુર્ણતા થાય ત્યારે વિચારોનું એકય સંધાય ,વિચારોનું એક્યસંધાય તે એકબીજાની ઓળખ થઈ એમ કહેવાય ,છેક કોઈના હદય સુધી પહોચ્વું હોય તો ,પહેલા એને ઓળખવું પડે,સારી રીતે સમજાય જાય તો તે હદયમાં ગાઠ બંધાય જાય.આતો આજ કહેવાય છે.જો તમે તમને ઓળખી જાઓ,તમારી જાતને ઓળખી જાઓ ,તેના પર વિશ્વાસ કેળવી દો,એમ તું પણ કરી શકતો થાય ,પછી તામારું અર્થાત આપણું સયુક્ત મિલન થાય તો જમાનો ઓળખવામાં વાર નહીં લાગે, જમાનો ઓળખી જઈશું તો જીવવામાં સ્હેજે તકલિફ ના પડે.

કોઈપણ કાર્યની શરૂઆત આપણાથી કરતા થઈશું જેમા કોઈ પણ સ્થિતિનું નિર્માણ ભલે થતું ,પડકારો છો આંધી થઈ આવતા,તેની સામે અડગ રહીં આપણે આપણા લક્ષાંકો વટથી હાસિલ કરી શકીશું. મહાભારતમાં અર્જુનની પરીક્ષા વખતે આપણે જોયું કે દ્રોણાચાર્ય અર્જુનને લક્ષ તરફ દ્રષ્ટિ કરવા કહે ને પુછે શું દેખાય છે? અર્જુનનો જવાબ પક્ષી,બરાબર દેખ,હવે શું દેખાય છે? માત્ર આંખ.તો તીર ચલાવ ને અર્જુન લક્ષ વિંધી નાખે છે.વિશ્વાસ કેટલો પોતાની જાત પર તમે કલ્પના કરી છે?એટલે તમે તમને ઓળખી જાઓ,મુશ્કેલ કોઈપણ લક્ષ કાલ તમારી આધીન થશે.છો પડકારો હોય માર્ગ પરવા કયાં છે મને, મે વિશ્વાસ કેળવી લીધો એ મારી જાત છે.×

બાબુ સંગાડા..મહેક
વડાપીપળા ,દાહોદ

સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત સુધારોઃ નેચરલ ગેસ, મેન્થા તેલ ઢીલાં

બુલડેક્સ ફ્યુચર્સમાં ૪૮ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટઃ કપાસ, કોટન, રબર, સીપીઓના વાયદામાં વૃદ્ધિ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૯૩,૧૭૨ સોદાઓમાં કુલ રૂ.૭,૭૪૮.૮૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૪૮ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૩૩,૭૪૦ સોદાઓમાં કુલ રૂ.૨,૦૯૩.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૨૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૩૪૦ અને નીચામાં રૂ.૪૮,૧૭૯ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪ વધી રૂ.૪૮,૨૦૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૩૮,૫૫૯ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૪,૭૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૨૭૩ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૪૮૯ અને નીચામાં રૂ.૬૨,૨૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭ વધી રૂ.૬૨,૨૪૫ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૮ વધી રૂ.૬૨,૫૨૫ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૫ વધી રૂ.૬૨,૫૨૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૩,૪૮૮ સોદાઓમાં રૂ.૨,૩૮૫.૭૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૫ વધી રૂ.૨૨૫.૭૫ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ ઘટી રૂ.૭૪૭.૧૦ અને નિકલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૯ વધી રૂ.૧,૫૬૨.૨૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૧૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૬,૨૧૦ સોદાઓમાં કુલ રૂ.૧,૫૮૮.૩૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૪૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૫૨૬ અને નીચામાં રૂ.૫,૪૫૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૫ વધી રૂ.૫,૫૦૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૪૦ ઘટી રૂ.૨૯૩.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૮૯૨ સોદાઓમાં રૂ.૨૦૨.૦૫ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૮૫૬.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૫૬.૦૦ અને નીચામાં રૂ.૧૮૫૦.૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯.૦૦ વધી રૂ.૧,૮૫૩.૦૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ડિસેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૭૫૦ અને નીચામાં રૂ.૧૬,૫૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૮ વધી રૂ.૧૬,૫૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૭૧.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૭૩.૨૦ અને નીચામાં રૂ.૧૦૬૯.૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૪૦ વધી રૂ.૧૦૬૯.૯૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ ઘટી રૂ.૯૭૬.૨૦ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૮૦ વધી રૂ.૩૨,૩૩૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૮,૦૫૭ સોદાઓમાં રૂ.૧,૧૨૪.૬૧ કરોડનાં ૨,૩૩૧.૧૬૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૨૫,૬૮૩ સોદાઓમાં કુલ રૂ.૯૬૯.૩૪ કરોડનાં ૧૫૫.૧૩૬ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩૩૨.૨૩ કરોડનાં ૧૪,૬૯૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૨૮.૦૪ કરોડનાં ૧૪,૭૬૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૫૮.૨૨ કરોડનાં ૧૨,૮૧૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૫૩૩.૪૩ કરોડનાં ૩,૪૧૭.૦૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૩૩.૮૪ કરોડનાં ૭,૦૩૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૯,૫૭૧ સોદાઓમાં રૂ.૭૩૪.૯૦ કરોડનાં ૧૩,૩૭,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬,૬૩૯ સોદાઓમાં રૂ.૮૫૩.૪૩ કરોડનાં ૨,૯૧,૧૩,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૨ સોદાઓમાં રૂ.૦.૦૭ કરોડનાં ૮ ટન અને કોટનના વાયદાઓમાં ૧,૪૨૯ સોદાઓમાં રૂ.૧૭૩.૭૪ કરોડનાં ૫૩૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૩૯૯ સોદાઓમાં રૂ.૧૭.૪૯ કરોડનાં ૧૭૭.૮૪ ટન, રબરના વાયદાઓમાં ૨૭ સોદાઓમાં રૂ.૦.૫૩ કરોડનાં ૩૨ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૩૫ સોદાઓમાં રૂ.૧૦.૨૨ કરોડનાં ૯૬૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૮૨૪.૫૧૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૮૪.૧૪૨ ટન, એલ્યુમિનિયમમાં ૨૨,૪૧૫ ટન, જસત વાયદામાં ૧૩,૦૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૩,૨૩૦.૦૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૯૩૯.૦૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૫,૧૫૦ ટન, ક્રૂડ તેલમાં ૭,૬૬,૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૨૪,૯૫,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૦૦ ટન, કોટનમાં ૧૬૪૫૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૫૭.૪૮ ટન, રબરમાં ૭૭ ટન, સીપીઓમાં ૭૯,૬૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૯૬ સોદાઓમાં રૂ.૧૩૬.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૨૩ સોદાઓમાં રૂ.૬૪.૦૭ કરોડનાં ૯૦૩ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૮૩ સો

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ

NOG SS NO-0011
વિષયઃ- સાસરિયું- પિયરિયુ
પ્રકારઃ- પદ્ય
વિષય : ગામડાની છોરી

મીંટળ બાંધીને ફરે એ ગામડાની છોરી રે,
પિયરની માયા જલ્દી છોડવી પડશે છોરી રે.
મહિયરની છાયા એવી સહિયરની માયા રે,
ઘડી ઘડી સંભળાય યાદ ને કરમાશે કાયા રે.
આવ્યો રૂડો અવસર આજ મારે આંગણે રે,
ઢોલ નગારા શરણાઈઓ ગુંજશે આંગણે રે.
પિતાજીની લાડકી સાસરિયાની લાકડી રે ,
નવા સંબંધોને નવા મોસમમાં જશે લાડકી રે.
સુના થાશે ઘરનાં આંગણ,ડેલી ને શેરીયુ રે,
માબાપનું દલડું સુનુ ને મનડુ રોવે ચોધાર રે.

મનોજકુમાર પંચાલ, 'મન'

NOG SS NO : 0073
વિષય.. નાતાલ
પ્રકાર.. ગદ્ય,
શીર્ષક..મને પણ ગિફ્ટ આપો..

યુરોપના દેશની વાત છે એક ગરીબ ઘરનો નાનકડો છોકરો એની માતા સાથે બજાર માં આવ્યો છે રસ્તા ઉપર કેટલાય ક્રિસમસ ટ્રી અને શાન્તાકોલ્ઝ બનીને ઉભેલા માણસો જોઈ માં ને પૂછે છે માં એ લોકો કોણ છે અને એ ખિસ્સામાંથી શું આપે છે,ત્યારે માં કહે છે બેટા એ ભગવાનના દૂત છે અને એ ગરીબ અને જરૂરિયાત મંદોની સહાય કરે છે,કાલે નાતાલ છે ત્યારે ભગવાન ઈશું ખીસ્તનો જન્મ થશે અને લોકોના દુઃખ દુરકરવા ઈશ્વર જાતે આવશે..

એ નાનકડા બાળને ગરીબાઈ અને પોતાની પાસે શાળાએ જવામાટે બુટ મોજા નથી એનું દુઃખ હતું એને શાંતકોલોઝ પાસે બુટ મોજા માગવા હતા એટલે એ બહાર ટ્રી પાસે આવી બેસી ગયો,મારા માતા પિતા મને સ્કૂલમાં નહીં મોકલે કારણ કે અમારી પાસે પૈસા નથી એટલે સ્કૂલના બુટ અને મોજા નહીં આવે,એ નાદાન બાળકની વાત જાણે ઈશ્વરે સાંભળી હોય એમ એની માતાને જ્યા કામ કરતી હતી ત્યાંથી વધારે બોનસ મળ્યું એણે સૌથી પહેલા પોતાના દીકરાને જે જોઈએ તે લીધું અને રાતે એ સુઈ ગયો ત્યારે ટ્રી પર લગાવી દીધું અને બાળક સવારે જ્યારે જાગ્યો ત્યારે એને ખબર પડીકે સાચે કાલે ભગવાન આવ્યાને મદદ કરી ગયા બાળકની ખુશીનો પાર ના રહ્યો એ દોડતો મા ને વળગી પડ્યો જો માં શાંતકોલોઝ મારા માટે ગિફ્ટમાં બુટ મોજા ચોકલેટ લાવ્યા હવે તો તું મને સ્કૂલે મોકલીશને અને એણે કાલીઘેલી ભાષામાં કહ્યુ.થેંક્યું ગોડ અને માની આંખમાં આંસુ આવી ગયા એના માટે તો એના બાળકની ખુશી એજ સાચી નાતાલ.. આપણી પણ બધીજ જરૂરિયાતઆપણાશાંતાકોલોઝ એટલે આપણા માતા પિતા પુરી કરે છે, આપણે એમને શાંતકોલોઝ બનતા ક્યારેય જોયા નથી એટલે એમના પ્રત્યે ઈશ્વર જેટલો ભાવ આવતો નથી,એટલેજ આપણે ઈશ્વરનો આભાર માનીએ છે પણ થેંક્યું મમ્મી કે થેંક્યુ પપ્પા તમારો ખૂબ આભાર એવું કહેતા નથી.

નયના પટેલ..નેન,વડોદરા..

હે જગતનાં તાત ! તું જ તારો તારણહાર છે

સૌ કોઈ જાણે છે કે વર્તમાન કાળમાં ખેતી ખોટનો ધંધો છે. અનેક અનિશ્ચતતાઓ વચ્ચે ખેતી ભાંગતી જાય છે. ગામડામાંથી આમ આદમી ખેતી છોડી શહેરની ગંદી ઝુંપડપટી તરફ ભાગવા લાગ્યો છે. શારીરિક શ્રમ , મહેનત, કાળી મજૂરી છોડી ભણેલો વર્ગ ખેતી કરવા તૈયાર નથી. તેને શહેરની એર કંડીશન્ડ રૂમમાં બેસી કાળા - ધોળા કરી પૈસા કમાવવાનું વધુ પસંદ પડતું જાય છે. એક વખત '' જગતનો તાત'' કહેવાતો ખેડૂત આજે બીચારો બની ગયો છે. નિરાશ થઈ ગયો છે. દેવાનાં ડુંગરમાં દટાઈ રહયો છે. ચારે બાજુથી શોષણખોરીનો ભોગ બની રહયો છે.

એક તરફ એકવીસમી સદીની વિકાસની દોટથી સૌ અભિભૂત છે. કહેવાતી ડીઝીટલ મીડીયા અને કમ્પ્યુટર ક્રાંતિથી અંજાઈ ગયેલી દુનિયાને તેમાજ વિકાસ દેખાઈ રહયો છે. '' દુનિયા કરલો મુઠીમે '' ની દોડમાં પાયાની વાતો વિસરાઈ ગઈ છે. ઔદ્યોગિક ક્રાંતિ જ જાણે દુનિયાનો ઉધ્ધાર કરી શકશે એવા ભ્રમમાં સૌ કોઈ રાચવા લાગ્યા છે. અને આ સાથે વિકાસનું વરવું સ્વરૂપ માનવ અને પ્રકૃતિસજીત આફતોના રૂપમાં વિશ્વને વિનાશ તરફ ધકેલી રહયું છે. પરંતુ અજવાળાના અતિ પ્રકાશમાં પાછળના કાળા ઘોર અંધારા તરફ જાણી જોઈને રાહમુગી અનદેખી થઈ રહી છે. આ વાસ્તવિક પરિસ્થિતિમાંથી ક્યારે બહાર આવીશું ? કે પછી ધૂમકેતુની × વિનિપાત × વાર્તાની જેમ સંપૂર્ણ વિનાશ પછી જ નવસર્જન થશે ? મોટો પ્રશ્નાર્થ છે ! બધુ ખતમ થઈ જાય તે પહેલા જાગીએ તો સારૂ !

આપણે કિસાનોની અને ખેતીની જ વાત કરીએ. ગમે તેવી ભયાનક પરિસ્થિતિ વચ્ચે પણ આજે આ કિસાન આપણને અનાજ ફળ ફળાદી , શાકભાજી પુરા પાડે છે . કહો કે આપણું જીવન જ કિસાન પર નિર્ભર છે. આહાર વગરના જીવનની કલ્પના થઈ શકે ? અને એટલે જ કિસાન તરફી સમજુ વગ કહેવા લાગ્યો છે કે શું મશીન કે યંત્રથી આપણું પેટ ભરાશે ? જો કિસાન હડતાલ પર જાય અથવા તો પોતા પુરતું જ અનાજ ઉગાડે તો આપણી બધાની દશા શું થાય ? આ કલ્પના માત્ર જ ધ્રુજારી ઉપજાવનારી છે.

સૌ કોઈ જાણે છે કે ભારત ખેતી પ્રધાન દેશ છે. ખેતી અને પશુપાલન તેનો મુખ્ય વ્યવસાય છે. ગામડું દેશનું હૃદય છે. કૃષિકારો માટે સંનિષ્ઠ પ્રયાસોપણ થાય છે. પરંતુ આ બધુ પશ્ચિમી આંધળા અનુકરણની માફક ! દરેક દેશ, સમાજને પોતાની આગવી વિશિષ્ટતા પોતાનું પોત હોય છે . સામાજીક , આર્થિક , ભૌગોલિક , પારંપારીક સ્થિતિ મુજબ સમાજ વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે. અને તેથી દરેક દેશ - સમાજ ની સમસ્યાઓનો ઉકેલ આગવી રીતે થાય તે જ શ્રેષ્ઠ હોય. અન્ય દેશ સમાજના સફળ પરિણામો દરેક જગ્યાએ ઠોકી બેસાડી શકાય નહીં દરેક જગ્યાએ એક જ મોડેલ ન ચાલે , વિકાસના મોડેલ પણ વિકેન્દ્રીત જ હોય. જેમ '' તુંડે મતિ : ભીન્ના '' તેમ દરેક વિસ્તારના પ્રશ્નોનો ઉકેલ પણ જુદી જુદી રીતે જ હોઈ શકે.

આજે ખેતી ટુંકી થતી જાય છે . વરસાદ- પાણીની અનિયમિતતા છે . વિજળીની અનિશ્ચિતાછે . બીયારણ ખાતર- ખેડ લણણી મોંઘા થતા જાય છે. બજારભાવ મળતા નથી . ખેડૂત બિચારો વેલ્યુ એડીશન કરી શકતો નથી , સરકારો પણ અધકચરા ઉપાય તરીકે દરેક જગ્યાએ બટકુ રોટલો નાંખી ખાડો પૂરવાનો વ્યર્થ પ્રયાસ કરી રહી છે.

નાના , સિમાંત અને એસ.ટી. એસ.સી ખેડૂતોને રાહત આપવા યોજનાઓ બને છે. કરોડોનું બજેટ ફાળવાય છે. છતા પણ પરિણામ શુન્ય ! બેંકો દ્વારા રાહત દરની લોન આપવામાં આવે છે . છતા પણ ખેડૂત દેવાદાર જ બનતો જાય છે . આવી વરવી પરિસ્થિતિનો ઉપાય શું છે ?

ઉપાય છે '' શુન્ય લાગત કૃષિ '' , '' ઝીરો બજેટ ખેતી '' ! ઘણાને ન સમજાય તેવી વાત છે. ઘડીયાળના કાંટા પાછા ફેરવવા જેવી આ વાત છે. આધુનિકતાનો અંચળો છોડી મહાત્મા ગાંધીની પ્રકૃતિ તરફની પીછેહઠ , કુદરત સાથે તાલ મીલાવી , ખોટા ખર્ચ વગરની , સરળ ખેતી તરફ પાછા વળવાનો સમય પાકી ગયો છે. અહિં મારો કહેવાનો ભાવાર્થ અઢારમી સદીમાં કે મધ્યકાલિન પાષાણ યુગમા પાછા જવાનો લગીરેય નથી . બલ્કે આપણી પોતાની વૈવિધ્યતા પૂર્ણ પ્રણાલી - સંસ્કૃતિને વર્તમાન વિજ્ઞાન સાથેના ' ' હોલીસ્ટીક '' દૃષ્ટિકોણ સાથે જોડી શ્રેષ્ઠતા તરફ જવાનો પ્રયાસ છે. વિજ્ઞાનનો જ્યુડીશીયસ એટલે કે વિવેકપૂર્ણ ઉપયોગ અને આપણી વંશપરંપરાગત કોઠાસુઝ , આવડત અને કુનેહનો સમન્વય '' કૃષિ '' ક્ષેત્રે કરવાનો સમય પાકી ગયો છે . કહોકે અતિ આવશ્યક બની ગયો છે. આ માટે સરકારે માનસિકતા બદલી , હળવે હળવે - ધીમે ધીમે સુધારો કરવાની એ જ પ્રાયોગિક અથવા સ્ટેપવાઈઝ કામ કરવાની પધ્ધતિ છોડી ધરમૂળથી શુભ શરૂઆત કરવી પડશે. એકી સાથે નકામુ બધુ બંધ કરી નવી શરૂઆત કરવી પડે ! આમાં ' ગેજ્યુઅલી ' જેવી વાત નહી ચાલે !!

બે ત્રણ ઉદાહરણોથી આ વાત સમજીએ ! વધુ ઉત્પાદનનાં નામે બી.ટી. બીયારણો અને તે પણ મોધાદાટ, મોનોપોલીયુક્ત અને સાથે વિષાણુયુકત તો ખરા જ ! તે દરેક પાક વખતે ખરીદવાને બદલે આપણા ઓરીજનલ ધાન્ય પાકોના બિયારણ પાકની લણણી વખતે તારવી લેવાની પધ્ધતિ શું શ્રેષ્ઠ નહોતી ? બિયારણનું ખર્ચ ઝીરો !

આપણા ગાય - બળદ અને અન્ય પશુઓના ગોમુત્રનો જંતુનાશક અને ખાતર બનાવવામાં ઉપયોગ ન થઈ શકે ! ગોમુત્ર શ્રેષ્ઠ જંતુનાશક- કિટનિયંત્રક છે . ગોમુત્ર , આંકડો , લીમડો , પીપળો , વડ , અરડૂસી કે જરૂર મુજબ અન્ય વનસ્પતિના પાન- થડ - મૂળ જે સહજ રીતે ખેતરની આસપાસ કે પડતર ખુલ્લી જમીનમાં ઉપલબ્ધ છે . બધાનું પાણીમાં મિશ્રણ કરી થોડો ગોળ કે લોટ- કઠોળ નાંખી શ્રેષ્ઠ જંતુનાશક બનાવી શકાય . કિટનિયંત્રકની સાથે પાકને સારો ખોરાક પણ મળી રહે છે. આજની મોંઘીદાટ કેમીકલ અને રાસાયણિક દવાઓની જરૂર જ ન રહે . ખેડૂતને દવા છાંટતી વખતે ઝેર ચડવાથી મૃત્યુ ના મુખમાં જતો પણ બચાવી શકાશે. સાથે ઝેર રહિત અનાજ સૌને ખાવા ન મળતા અનેક રોગોમાંથી રાહત મળશે. પર્યાવરણ નહી બગડે દવા માટે એક પણ રૂપિયાના ખર્ચ વગર ' ઝીણે બજેટ × જંતુનાશક!

આજકાલ યુરિયા , ડીએપી , એન.પી.કે. , ઉપરાંત અન્ય રાસાયણિક

ખાતરોને બદલે ગોમુત્ર - ગોબર સાથે બાયોમાસ એટલે કે ખેત પેદાશની વનસ્પતિ – વેસ્ટ મટીરીયલ અને સાથે × એઝો બેક્ટર '' ના વિજ્ઞાન આધારિત પ્રવાહી દ્રાવણના ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ સેન્દ્રિય ખાતર તૈયાર કરી શકાય. આવા ખાતરમાં બધા જ પ્રકારના મીનરલ , વિટામીન , ક્ષારો અને પૌષ્ટિક તત્વો મળી રહે તે વધારાનું ! ગોમુત્રનો છંટકાવ પણ ખરો જ ! જો એક - બે ગાય અને બળદ હોય તો નાના સિમાંત ખેડૂત માટે એટલા ગોમુત્ર ગોબર પૂરતા છે . બલ્કે વધારે છે ! સબસીડી યુક્ત ખાતરના બોજ વગર નું '' ઝીરો બજેટ '' ખાતર !

હવે વાત રહી પાણી , લણણી , સ્ટોરેજ વગેરેની ! કૂવાના , બોરનાસ કેનાલના પાણીનું વિવેકપૂર્ણ દોહન તેમાંય વૈજ્ઞાનિક પધ્ધતિઓનો સમન્વય ! ખેડૂતની પોતાની જાત મહેનત , કયાંક ઢાલ ! બળદ આધારિત યંત્ર વગરની ખેતી ! બળદ - ગાયને તો પાકમાંથી જરૂરી આહાર મળી રહેશે. ટેક્ટરસ ડીઝલ , મજૂરીના ખર્ચ વગરની જાત મહેનતમાંથી ઝીરો બજેટ ખેતી ! સ્ટોરેજ માટે પોતાના ઘર - વરંડા તો છે જ ! હવે વાત રહી ભાવની ! જો ઉપરોકત કહયા પમાણે ખેતી થશે , કરવામાં આવશે અને ખરેખર વ્યાજબી ભાવ મળશે તો પણ એટલો તો નફો મળશે જ ! કારણ કુંટુંબને પોતાના અનાજ શાકભાજી - ફળફળાદી - દૂધ - દહી- ઘી- ખેતી - પશુપાલનમાંથી મળી જ રહેવાના ! આમ જરૂરિયાત ઓછી થતા ખર્ચ ઓછા થતા સ્વાભાવિક નફો રહેશે - ખેતી નફાકારક બનશે . આનુ નામ છે ' ઝીરો બજેટ ખેતી.

આપણને પ્રશ્ન થશે કે આ શક્ય છે ? હા , ચોકકસ ! ખેડૂતનું દઢ મનોબળ અને ઈચ્છાશકિત તેમજ શ્રમની ભાવના મહત્વની છે . બાકી વાત રહી સરકારની સરકારોએ પણ તેમની બધી જ પોલીસીઓ ધરમૂળથી બદલવી પડે ! દા.ત. મોટી કોર્પોરેટ કંપનીઓના બીયારણની ખરીદી બંધ કરે, હજારો કરોડો રૂપિયાની જંતુનાશક દવાઓની ખરીદી બંધ હજારો કરોડા ના ઓઈલ - ડીઝલ- પોટાશ વગેરેની ખરીદી બંધ , કહેવાતા બીનજરૂરી કિંમતી આધુનિક ઓજારોની ખરીદી બંધ. આ બચત રકમ દરેક ખેડૂતને તેના પોતાની જરૂરિયાત મુજબ પોતાના જ બિયારણ , જંતુનાશક દવા , સેન્દ્રીય ખાતર બનાવવા યોગ્ય રીતે ફાળવવી. હર ખેત કો પાની , હર હાથકો કામ × મુજબ પાણી- લાઈટની સુવિધા ઉપલબ્ધ કરાવવી . સ્ટોરેજ અને વેચાણ માટે નાના નાના વિકેન્દ્રીત કેન્દ્રોની રાહત દરવાળી વ્યવસ્થા ગોઠવવી , શોષણ ન થાય અને પેદાશના વ્યાજબી ભાવ મળે તે માટેનું સંગ્રથિત માળખુ., જરૂરીયાત મુજબ ખરીદી વૈજ્ઞાનિક અભિગમ , વિસ્તરણ સેવાઓ , માહિતિ અને પ્રશિક્ષણ કેન્દ્રો વગેરેની સુચારૂ વ્યવસ્થા માટે નાણાકીય જોગવાઈમાં પાયાથી ધરમૂળ ફેરફાર કરવામાં આવે તો '' ઝીરો બજેટ × ખેતીનો કન્સેપ્ટ આમ ખેડૂત સ્વીકારી લેશે .

ઉપરોક્ત વિચારને આપણે '' ગૌ આધારિત ઝીરો બજેટ કૃષિ × નામથી ઓળખીશું , સમજી લઈએ કે આવનારા દિવસોમાં વૈશ્વિક ઓઈલ કટોકટી ઉભી થશે ત્યારે ગૌમાતા અને તેના પંચગવ્ય - દૂધ - ઘી - દહી , ગોમૂત્ર અને ગોબર જ આપણને વૈશ્વિક વિનાશની આફતમાંથી ઉગારવામાં નિમિત્ત બનવાના છે આ વાતને જેટલા વહેલા સમજીએ એટલું સારૂ !સરકાર દરેક ખેડૂતને આ માટે એક ગાય અને એક કે બે બળદની વ્યવસ્થા માં મદદરૂપ થાય અટલું જ પુરતું છે. પડતર જમીનમાં વિશાળ ચરિયાણો ઉપલબ્ધ થાય . વિપુલ પ્રમાણમાં ઘાસચારો ઉત્પન થાય. જંગલો - નદીઓનું પ્રમાણ વધે. એટલું જ જરૂર છે . બજેટનું રી- સફલીગ કરવાની સાથે ખેડૂત - જગતનો તાત પણ પોતાનું ગૌરવ સમજે , પોતાનું સ્વાભિમાન સમજે. જગતના તાતનું બિરૂદ જાળવવા માટે થોડુંક ગુમાવવું પડે અને તે ગુમાવવાનું એટલે કે ખોટી ભીખ માંગવાની બંધ કરીએ , ખોટી લાચારી બંધ કરીએ , ખોટા લાભ લેવાનું છોડીએ , શ્રમનું મહત્વ સમજીએ . નિષ્ઠુ અને પ્રમાણિક્તાથી ખેતી કરીએ . ગૌમાતાને પાળી ખરા આશીર્વાદ લઈએ તો બધુ આપઆપ જ ગોઠવાઈ જશે. કુદરત પણ આપણી વહારે આવશે . પૂરતા વરસાદ , યોગ્ય હવામાન અને સુચારૂ વૈશ્વિક પર્યાવરણ નો લાભ મળતો થશે. આ કુદરતનો કાનુન છે . તેને સમજીએ .

એક વખત દેવાનું વિષચક્ર તૂટશે એટલે પોઝીટીવ ગતિ પકડાશે. ખેડૂત જીવશે તો જ ખેતી બચશે અને તોજ આપણે સૌ બચશું. માટે આપણા સ્વાર્થ અર્થે પણ ખેડૂતો અને ખેતીને બચાવવાના હર સંભવ પ્રયાસમાં આપણે યથાશક્તિ જોડાઈએ , એમાં જ આપણું શ્રેય છે.

હું જગતના તાત ! તને નિરાશા - હતાશા ન પાલવે ! તું જ ''સ્વયંમેવ મૃગેન્દતા'' છે . તારામાં અમાપ શક્તિઓ છુપાયેલી છે. સમગ્ર જીવસૃષ્ટિનો જીવનદાતા છે. પોષણકર્તા છે. પાલનહાર છે. તને આત્મહત્યા કરવી કેમ પોષાય ? આવા નકારાત્મક વિચારો તારામાં કેમ પ્રવેશી શકે ? તું સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ કર ! ઉઠ , જાગ અને જગતના પાલનહાર તરીકે હાક મારવાનું શરૂ કર ! બધી જ સકારાત્મક શક્તિઓ તારી મદદે દોડી આવશે બસ , તું જ તારો તારણહાર છે . !

અમિત શાહ આગામી દિવસ દિવસમાં યુપીમાં ૨૧ સભા અને ત્રણ રોડ શો કરશે

,નવીદિલ્હી,તા.૨૩

વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ અઠવાડીયાથી ઉત્તરપ્રદેશનો તોફાની પ્રવાસ કરશે.શાહ આગામી ૧૦ દિવસમાં ૭ વાર ઉત્તરપ્રદેશનો પ્રવાસ કરશે.તેમના પ્રવાસની શરૂઆત ૨૪ ડિસેમ્બરથી પ્રયાગરાજથી થશે અને તે યુપીમાં ૪ જાન્યુઆરી ૨૦૨૨ સુધી સભાઓ અને રેલીઓ કરશે.પ્રવાસમાં શાહ ૨૧ સભાઓ અને ત્રણ રોડ શો કરશે.આ દરમિયાન ૧૪૦ વિધાનસભા ક્ષેત્રોને કવર કરવામાં આવશે. જાણકારી અનુસાર એક સભામાં સ્તા વિધાનસભા ક્ષેત્ર કવર કરવામાં આવશે.ભાજપની રણનીતિ છે કે તેમાં ત્રણ ઓબીસી બહુમતિવાળી વિધાનસભા હોય આ સાથે બે શહેરી વિસ્તારની,એક અનુસૂચિત જાતિ ક્ષેત્રની અને એક મુસ્લિમ બહુમતિવાળી વિધાનસભા વિસ્તાર સામેલ થશે પ્રવાસ ગેઠળ ત્રણ રોડ શો આખરી ત્રણ દિવસમાં આયોજીત કરવામાં આવશે.અયોધ્યા,ગોરખપુર અને બરેલીમાં આ રોડ શો થશે અયોધ્યામાં પહેલા અમિત શાહ રામલલાના દર્શન કરશે ત્યારબાદ રોડ શો કરશે

એ યાદ રહે કે ઉત્તરપ્રદેશમાં આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચુંટણી થનાર છે શાહની યાત્રાની મુખ્ય વિશેષતાઓમાં આગામી ચુંટણીઓ માટે રણનીતિ પર ચર્ચા કરવા માટે પાર્ટી કાર્યકર્તાઓની સાથે તેમની મોડી સાંજે બેઠકો થશે તેમણે કહ્યું કે ભાજપ પ્રમુખના રૂપમાં શાહના નેતૃત્વમાં પાર્ટીએ ૨૦૧૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીમાં ભારે બહુમતિ હાંસલ કરી હતી અને ૨૦૧૯માં ૮૦માંથી ૬૭ લોકસભા બેઠકો જીતી હતી શાહ ૨૦૧૪માં જયારે ઉત્તરપ્રદેશના પ્રભારી હતા ત્યારે ભાજપ યુપીમાં ૭૩ લોકોસભા બેઠકો જીતી હતી.

વરઘોડો એટલે...

કોઈ પણ દુન્યવી ચીજની જેમ વરઘોડાને મુખ્યત્વે બે રીતથી જોઈ શકાયઃ બહારથી અને અંદરથી—અને આ બંને દર્શન સાવ સામા છેડાનાં હોઈ શકે છે.

બહારથી જોનાર માટે વરઘોડો, સારામાં સારું વિશેષણ વાપરીને કહીએ તો 'જોણું' હોય છે અને આકરામાં આકરો શબ્દ વાપરીએ તો, 'ન્યૂસન્સ'. નાનાં ગામ-નગરોમાં વર્ષો સુધી વરઘોડા જોવાની ચીજ ગણાતા હતા. મુખ્ય રસ્તા પર નીકળનારો વરઘોડો જોવા માટે દૂરની પોળોમાં કે સોસાયટીમાં રહેતા લોકો પણ આવી પહોંચતા હતા. વરઘોડાના રસ્તે ઓટલો કે પહેલા માળની અગાસી ધરાવતા લોકોને તેમના મકાનના ભૌગોલિક સ્થાનની રૂએ, ઇચ્છાએ કે અનિચ્છાએ, યજમાનપદ પ્રાપ્ત થતું હતું. દૂરથી ખાસ વરઘોડો જોવા આવેલા લોકોને ચા-શરબતનો વહેવાર ભલે ન કરવો પડે, પણ વરઘોડો જતાં પહેલાં અને તે પસાર થઈ ગયા પછી, થોડાંઘણાં ઓળખીતાં લોકો સાથે હસીને વાત તો કરવી પડે. ઘણી વાર તો એ વાતનો વિષય વર કે તેના પિતાશ્રી કે પરિવારના 'વિશ્લેષણ'નો હોય, જેને કેટલાક 'ખોદણી' કે 'કુથલી' જેવાં તુચ્છકારજનક નામે ઓળખાવતા હોય છે.

વર્તમાન સમયમાં ચહીને વરઘોડા જોવા જવાની સંસ્કૃતિ, બીજી ઘણી સાંસ્કૃતિક બાબતોની જેમ, નામશેષ થઈ છે. એટલે લોકોને મુખ્યત્વે સડક પર રહીને વરઘોડા જોવાના થાય છે. માણસ રસ્તા પર વાહન લઈને કે વાહનમાં બેસીને જતો હોય અને આગળ વરઘોડો આવી જાય અથવા સામેથી વરઘોડો પ્રગટ થાય તો? પહેલી વાત તો એ કે, માણસની માનસિકતા ત્યારે વર કે ઘોડો કશું જોવાની હોતી નથી. એટલે વર, ઘોડો અને વરઘોડો એ ત્રણે પર તે મનોમન ખીજાઈ શકે છે. વરઘોડામાં વરનું સ્થાન ભારતના રાષ્ટ્રપતિ જેવું હોય છે. તે વરઘોડાનો 'પ્રથમ નાગરિક' ખરો. તેનાં માનપાન સૌથી વધારે. બધું તેના નામે થાય. છતાં, જે કંઈ થઈ રહ્યું છે તેમાં એ કંઈ કરી શકે નહીં અથવા એવું કરવાનું તેને ગમે નહીં. કારણ કે, તેને પણ જે થઈ રહ્યું હોય તે ગમતું હોય.

જૂની અંગ્રેજી વાર્તામાં એક રાજા દરિયાનાં મોજાં રોકે છે એવી વાત આવતી હતી. ઘોડાનશીન ભાઈ ઉર્ફે વરને પણ થોડી વાર માટે એવું લાગી શકે કે જોયું? બાઅદબ, બામુલાહિજા, હોશિયાર...નેકનામદાર, સેનાખાસખેલ, સમશેરબહાદુરની સવારી પસાર થઈ રહી છે અને આખ્ખો ટ્રાફિક તેને કુરનિશ બજાવતો ખડો થઈ ગયો છે. તેમની સરખામણીમાં, શબ્દાર્થમાં ઘોડા પર બેઠા હોવા છતાં, ધ્વન્યાર્થમાં જમીન પર પગ ધરાવતા વરભાઈઓના મનમાં મિશ્ર લાગણી હોયઃ એક તરફ 'બમુલાહિજા' વાળું ચાલતું હોય અને બીજી તરફ, દસ દિવસ પહેલાં શોપિંગ કરવા જતી વખતે, આવો જ એક વરઘોડો રસ્તામાં નડ્યો ત્યારે તેણે મનોમન કેવાં સ્વસ્તિવચનો કાઢ્યાં હતાં, એ પણ યાદ આવી શકે. પરંતુ મોં સહેરા પાછળ છુપાયેલું હોય કે સાફામાં અડધું ઢંકાયેલું હોય, એટલે તેની પર રહેલી અવઢવ કળી શકાતી નથી.

વરઘોડાની પાછળ ઉભેલો અને તેના પસાર થવાની રાહ જોનાર જણ મોબાઈલ પર ગેમ રમવાનો પ્રેમી હોય તો તેને વરઘોડામાં આસપાસનું ભાન ભૂલીને નાચતા લોકો, વિડીયો ગેમમાં આવતા અડચણ પેદા કરનારા પદાર્થો જેવા વધારે લાગે. તેને થાય કે તે પણ ગેમના કે સ્ટંટ ફિલ્મના અંદાજમાં દૂરથી વાહન દોડાવતું લાવે અને પછી તેને એવો કૂદકો મરાવે કે આખો વરઘોડો મોં ફાડીને જોયા કરે અને તેનું વાહન વરઘોડો કૂદીને બીજી તરફ નીકળી જાય. પરંતુ એવું શક્ય નથી હોતું. એટલે નાના વાહનના ચાલકો વરઘોડાની સાઇડ પરથી રસ્તો કરીને નીકળવાની વેતરણમાં રહે છે અને મોટા લમણે હાથ દઈને, મનોમન ગણગણાટી કરે છે, જેમાં પોલીસ, કાયદો, સભ્યતા, કોર્ટ, એકેએકને...એવા બધા શબ્દો મુખ્ય હોય છે. આ ક્ષણોમાં ધીરજ, સંયમ, સભ્યતા અને અહિંસા ન ખોનાર કામચલાઉ ધોરણે બુદ્ધ ૨.૦નો દરજ્જો હાંસલ કરે છે.

વરઘોડામાં રહીને બહારના ટ્રાફિકનું સંચાલન કરતા કેટલાક વરઘોડિયા બુદ્ધ થાઉં થાઉં કરતા લોકોને તેમના સંયમપથ પરથી ચલિત કરવાના ઘણા પ્રયાસ કરે છે. વરઘોડા થકી ગામઆખાનો ટ્રાફિક જામ કર્યા પછી, રાહદારીઓને ટ્રાફિકવિષયક આદેશો આપતા લોકો, લોકશાહીના ઉપદેશ આપતા આપખુદ શાસકો જેવા લાગે છે. પણ બંને કિસ્સામાં બેવડું ધોરણ એટલું ઉઘાડેછોગ હોય છે કે ધ્યાન દોરવાથી કશો ફરક પડતો નથી. ઉલટું, તકરાર થવાની સંભાવના રહે છે. એટલે પ્રગટપણે કજિયાનું અને મનોમન વરઘોડાનું મોં કાળું ગણીને માણસ સુખેદુઃખે વરઘોડો પસાર થઈ જાય તેની રાહ જોતો ઉભો રહે છે.

કદીક સમયનું ચક્ર ફરે અને વરઘોડાપીડિતને વરઘોડામાં જવાનો પ્રસંગ આવે ત્યારે મઝા થાય છે. યુદ્ધ શરૂ થતાં પહેલાં કુરુક્ષેત્રના મેદાનમાં ઉભેલા અર્જુનને જેમ સામે ઉભેલાં સગાંસ્નેહીઓ સાથે યુદ્ધના વિચારથી વિષાદયોગ થયો હતો, તેમ આ ભાઈને પણ વરઘોડાની પાછળ અટવાતાં કે સામેથી આવતાં સમદુઃખીયાં પ્રત્યે અનુકંપા થાય છે. પરંતુ વરઘોડામાં મોટાં અવાજે વાગતાં ગીતો અને તેની પર ઝૂમતા લોકોને લીધે સર્જાયેલા માહોલમાં વિચાર કરવા માટે અનુકૂળ વાતાવરણ હોતું નથી. એટલે પીડિત વરઘોડાની ભીડમાં ક્યાંક ખોવાઈ જવાનું પસંદ કરે છે. અલબત્ત, સમાનુભૂતિની આવી લાગણી ધરાવતા લોકો જૂજ હોય છે. બાકીના માટે તો ડાન્સ કરવાનાં કે ટ્રાફિકનું સંચાલન કરવાનાં કામ તૈયાર હોય છે.

અમિતશાહનો માસ્ટર સ્ટ્રોક

અમિતશાહે કોંગ્રેસના કફન માં બીજી એક ખીલી ઠોકી દીધી! અને તેથી જ કોંગ્રેસ તેના અંત તરફ વધુ ને વધુ ઝડપ થી આગળ વધી રહી છે!.

સોનિયા ગાંધી સંસદ ભવનની બહાર નિકળી ગયા કારણ કે, અમિત શાહે ગૃહમાં એક ખરડો પસાર કર્યો હતો!, 'આતંકવાદીઓને ફંડ આપનારા અને આતંકવાદીઓને જેહાદી સાહિત્ય પૂરા પાડતા લોકોને 'આતંકવાદી' ગણવાનો' અને ખરડો રજુ થયા બાદ જયારે મતદાનની વાત આવી ત્યારે સોનિયા સહિત આખી કોંગ્રેસે બિલને ખોટું ગણાવીને ગૃહનો ત્યાગ કર્યો હતો.

મને સમજાતું નથી કે આ આતંકવાદીઓને આર્થિક મદદ કરનર અને જેહાદી સાહિત્ય પુરુ પાડનારાઓ માટે સોનિયા ગાંધી ને એવી તો કઈ સહાનુભૂતિ છે!? કે મતદાન કરવાને બદલે સોનિયા ગાંધી સહિત બધા કોંગ્રેસી સાંસદો એ ગૃહનો ત્યાગ કર્યો!?..

દેશનો વિરોધ પક્ષ, સરકારને બદલે આતંકવાદીઓની સાથે ઉભો રહે, આનાથી મોટું દેશનું દુર્ભાગ્ય શું હોય!?

પરંતુ હું ભાજપ અને શાહ- મોદીજી ને અભિનંદન આપું છું કે જેઓ આતંકવાદીઓને જડમૂળથી નાબુદ કરવા આવો કડક કાયદો લાવ્યા છે!!.

જો આપણે હજી પણ જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, પક્ષવાદ કે અન્ય કોઈ મુદ્દાથી પીડિત છીએ, તો આજે તે આપણા બધા માટે આત્મનિરીક્ષણની કરવાની તાતી જરુરીયાત છે.

હિન્દુઓ જાણો! આ એ જ કોંગ્રેસ છે જે 'હિન્દુઓ વિરુદ્ધ' બિલ લાવી રહી હતી!, અને જયારે આજે ભાજપ આતંકવાદીઓ વિરુદ્ધ બિલ લાવી ત્યારે કોંગ્રેસે વોકઆઉટ કર્યુ છે!!

ગાંધીનગર ખાતે બાળકોના સર્વાંગી વિકાસ અને શાળા સજ્જતા માટેના

પા પા પગલી પ્રોજેક્ટને મહિલા અને બાળ વિકાસ વિભાગના રાજય મંત્રી શ્રીના હસ્તે આરંભ કરાયો

ગાંધીનગરઃ ગુરૂવારઃ

હવે, રાજયના બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડીની બેનોની જવાબદારી 'પા પા પગલી' પ્રોજેક્ટ થકી મહત્વની બની રહેશે, તેવું આજરોજ ગાંધીનગર ખાતેથી પા પા પગલી પ્રોજેક્ટનો આરંભ કરાવતાં મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી શ્રી મનિષાબેન વકીલે જણાવ્યું હતું. આંગણવાડીના ૩ થી ૬ વર્ષની ઉંમરના બાળકોના સર્વાંગી વિકાસ અને સ્કૂલ માટે શૈક્ષણિક તૈયારી માટે રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલા ' પા પા પગલી' પ્રોજેક્ટનો આરંભ કરાવી મંત્રી શ્રી મનિષાબેન વકીલે જણાવ્યું હતું કે, બાળકોમાં ૩ થી ૬ વર્ષની ઉંમર સુધીમાં શીખવાની અને સમજવાની ક્ષમતા વધુ હોય છે. બાળકના જન્મથી ત્રણ વર્ષ સુધી બાળકોને બોલવા, સાંભળવા, જોવા અને અન્ય પ્રક્રિયાનો પ્રતિસાદ આપવાની ક્રિયાઓ પરિવારજનો દ્વારા આપવામાં આવે છે. પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ અને સ્કૂલ માટે શૈક્ષણિક તૈયારી માટે રાજય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

દેશનું ભવિષ્ય આપના હાથમાં છે, તેવું કહી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ માટે ખૂબ વિચારણાબાદ આંગણવાડી બેનોને આ જવાબદારી સોંપવામાં આવી છે. હવે, રાજયના વિકાસના મજબૂત આધારસ્તંભનું નિર્માણ કરવામાં આંગણવાડીની બેનોની ભૂમિકા મહત્વની બની રહેશે.

સારું શિક્ષણ આપવા માટે સારા વાતાવરણનું નિર્માણ કરવું ખૂબ જરૂરી છે, તેવું કહી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોને ઉમદા શિક્ષણ આપવા માટે તેમની નજીક જવું ખૂબ જરૂરી છે. બાળકોને કેવી રીતે ખાવું, આ કેમ ખાવું પડશે, અક્ષર લેખન કેવી રીતે કરાય જેવી અનેક બાબતોનું ઘડતર આપના થકી થશે. આ સિંચનને બાળક જીવનભર યાદ રાખે છે. મહિલા અને બાળ વિભાગના સચિવ શ્રી કે. કે. નિરાલાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે,વાલીમાં, પૂર્વ પ્રાથમિક શિક્ષણના મહત્વ અંગેની જાગૃતિ કેળવાય, આંગણવાડીની પૂ.પ્રા.શિ. કેન્દ્ર તરીકે લોકપ્રિયતા અને સ્વીકૃતિ થાય તે માટે આ પ્રોજેક્ટ મહત્વનો બની રેહશે. 'પા પા પગલી' પ્રોજેક્ટની માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ અંતર્ગત વાલી અને જનસમુદાયની

જાગૃત્તિ અને ભાગીદારી માટે દર ત્રણ મહિને ત્રીજા મંગળવારે ભૂલકાં મેળાનું આયોજન કરવામાં આવશે. તેમજ આંગણવાડીમાં બાલ દિવસ અને અન્નપ્રાશન દર મહિનાના ત્રીજા મંગળવારે યોજાય છે, તેને મંગળ દિવસ તરીકે ઉજવવામાં આવશે. તમામ બાળકોને પુસ્તિકા- રમત ગમત ભાગ ૧ અને ૨ વિતરણ અને ઉપયોગ કરવામાં આવશે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે શૈક્ષણિક કીટ, બાળકોના વિકાસના ગ્રોથની નિયમિત દેખરેખ અને નોંધ કરવામાં આવશે. તેમજ બાળકોને વિવિધ પ્રવૃત્તિ માટે નિયમિત યુ-ટયુબ, સેટકોમઅને દૂરદર્શન મારફતે વાલી તેમજ આંગણવાડી કાર્યકરને માર્ગદર્શન અપાશે. દિવ્યાંગ બાળકોને ધ્યાનમાં રાખવી સમાવેશીય શિક્ષણ અને અન્ય વિભાગ સાથે સંકલન કરવામાં આવશે. આંગણવાડીના બાળકોના વાલીઓનું વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવશે. તેના થકી વાલીઓને તેમના બાળકોના વિવિધ કાર્યો અને અન્ય બાબતથી માહિતગાર કરવામાં આવશે. આ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત અવલોકન અને ચકાસણી કરવામાં આવશે.

આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે આ પ્રોજેક્ટના પ્રચાર- પ્રસાર કરવા માટેના પોસ્ટર, કેલેન્ડર, પેમફલેટ, રેડિયો માટે કીક્કી અને ટેલિવિઝનની ટુંકી ફિલ્મનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડીના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તમામ બાળકોને સ્મૃતિ ચિહ્ન પણ મહાનુભાવોના હસ્તે અર્પણ કરાયા હતા. આ પ્રસંગે આઇ.સી.ડી.એસના નિયામક શ્રી ડી.એન.મોદીએ આભારવિધી કરી હતી. પા પા પગલી પ્રોજેક્ટના આરંભ પ્રસંગે યુનિસેફના ગુજરાત રાજયના વડા શ્રી પ્રશાંતા દાસા અને વિવિધ જિલ્લામાંથી આઇ.સી.ડી.એસ. પ્રોજેક્ટના અધિકારીઓ, આંગણવાડીની બેનો અન્ય આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા વાલીઓ પાસેતી સંમતિપત્રક જરૂરી : શિક્ષણ મંત્રી

,અમદાવાદ,તા.૨૩

કોરોનાથી સ્કુલો બંધ કરવા મુદ્દે શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ નિવેદન આપ્યું છે. તેઓએ કહ્યું કે આરોગ્ય વિભાગ સાથે બેઠક ચાલે છે. અને વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા વાલીઓ પાસેથી સંમતિપત્રક પણ લેવામાં આવે છે.વધુમાં તેઓએ કહ્યું કે જો કોઈ ગાઈડલાઈનનું પાલન નહીં કરે તો કાયદેસરની કાર્યવાહી કરાશે.

વાઘાણીએ કહ્યું કે, ઓનલાઈન માટે વિકલ્પ રહેશે. ઓફલાઈન માટે વાલીઓના ફરીથી સંમતિપત્ર મંગાવવામાં આવશે. કોરોના ગાઈડલાઈનનું કડક પાલન કરવાનું રહેશે. કોરોનાના કેસ વધતા રાજકોટમાં રાજય સરકારના મંત્રી જીતુ વાઘાણીએ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે, દરેક સ્કૂલોએ કોરોના ગાઈડલાઇનનું કડક પાલન કરવાનું રહેશે. આરોગ્ય વિભાગ સાથે અમારી વાતચીત ચાલી રહી છે અને અનેકવાર અમારા વિભાગો દ્વારા પરીપત્રો પણ થયા છે. કોવિડ ગાઇડલાઇનનું કડક પાલન થાય. આમ પણ વાલીની સંમતિથી વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવતા હોય છે. એ પુનઃ એકવાર સંમતિપત્ર લેવાનું અને ડીપીઓ-ડીઇઓ દ્વારા એક ડ્રાઇવ લેવાનું પણ નક્કી કર્યું છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, જે તે વિદ્યાર્થીઓ ઓફલાઇન ભણવા માંગે છે, તેમના માટે વ્યવસ્થા તાત્કાલિક રૂપે બને એના માટે શિક્ષણ વિભાગે સૂચનાઓ આપી છે. આગામી દિવસોમાં પરિસ્થિતિઓ ધ્યાને રાખવામાં આવશે. પણ હાલ, આ પ્રકારની કડક સૂચનાઓ સાથે આપણી જે ગાઇડ લાઇન છે, તેની જાળવણી થાય તે જરૂરી છે.

આહવા ખાતે યોજાશે સ્ત્રીરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ

આહવા તા : ૨૩ :

કાંતિલાલ જે પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત, ડૉ.કિરણ સી.પટેલ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલના પરિસરમા સ્ત્રીરોગ અંગેનો નિઃશુલ્ક નિદાન તેમજ સારવાર કેમ્પ યોજાયો હતો. વનબંધુ આરોગ્ય ધામ ખાતે તારીખ ૨૦ અને તારીખ ૨૧ ના દિને યોજાયેલા આ મેડિકલ કેમ્પને સફળતા અપાવવા સર્વમંગલ ટ્રસ્ટ તેમજ ભણસાલી ટ્રસ્ટ, મુંબઇએ સેવાઓ આપી હતી. નિદાન તેમજ સારવાર સહયોગ સેવા રૂરલ, ઝઘડિયાના ડૉ.ગાયત્રીબેન, એમની ટીમ તેમજ કાંતિલાલ જે. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ.નિરાલીબેન તેમજ એમની ટીમે સેવા આપી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, કાંતિલાલ જે પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષોથી, પ્રત્યેક વર્ષ અમેરિકા સ્થિત ડૉક્ટર્સના સહયોગથી સફળતાપૂર્વક ફ્રી મેડિકલ કેમ્પનુ આયોજન કરવામા આવે છે. કોવિડ સંક્રમણને કારણે ગત વર્ષ આવા કેમ્પ મોકૂફ રાખ્યા હતા. જેની હવે આ વર્ષથી શરૂઆત થઈ ચુકી છે. આ સ્ત્રીરોગ નિઃશુલ્ક સારવાર-નિદાન કેમ્પમા ડાંગ જિલ્લાના ૬૦૩ બહેનોએ વિનામુલ્યે સેવા મેળવી હતી.

નરેન્દ્ર પવાર,આહવા ડાંગ

નંદિની ગૌસેવા ફાઉન્ડેશનને અવોર્ડ

એકતા મંચ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં નંદિની ગૌસેવા ફાઉન્ડેશન , નંદિની જીવદયા ટ્રસ્ટનું ગૌસેવા બદલ પુરસ્કાર આપી સન્માન કરાયું હતું. દિલીપ અમલાણીએ આ પુરસ્કાર સ્વીકાર્યો હતો. ટ્રસ્ટ દ્વારા અનેક ગાયને કતલખાને જતી બચાવીને તેઓની સેવા કરાઈ રહી છે. સંસ્થા દ્વારા બોરીવલીના ગોરાઈમાં મારું ઘર વૃદ્ધાશ્રમ ચલાવાય છે. જ્યાબહેન ટ્રસ્ટ, પ્રીતિ ચેરિટેબલ ફાઉન્ડેશન જેવી સંસ્થાના સહયોગમાં કેન્સરના દરદીઓને સસ્તા દરે દવા, ગરીબોને ભોજન, વિધવા સહાય અને સશકતીકરણ, મંદ બુદ્ધિવાળાને મદદ જેવી વિવિધ પ્રવૃત્તિ ચલાવાય છે. બોરીવલીના વૃદ્ધાશ્રમમાં હાલમાં ૫૮ મા બાપ રહે છે. તહેવારોમાં તેઓને જમાડીને આશીર્વાદ મેળવો. દિલીપભાઈ ૯૩૨૩૭૨૫૮૭૦, પ્રીતિબહેન ૯૮૬૭૨૬૬૯૪૯.

સુબિરની ઔધોગિક તાલીમ સંસ્થાના પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધ્યાર્થીઓ જોગ

આહવા તા : ૨૩

ઔધોગિક તાલીમ સંસ્થા-સુબિર કે જે છેલ્લા આઠ વર્ષથી કાર્યરત છે. તેમા પ્રવેશ સત્ર ઓગષ્ટ ૨૦૨૧મા વિવિધ વ્યવસાયોમા સાતમા રાઉન્ડ માટે નીચે મુજબ ખાલી રહેલ બેઠકો ભરવાપાત્ર થાય છે. જેમા પ્રવેશ મેળવી પગભર થવા ઇચ્છુક ઉમેદવારોએ રૂબરૂમા સંસ્થાનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

અહી ફિટર, આર્મેચર મોટર રીવાઈન્ડીગ, અને મિકેનિક ડીઝલ જેવા ટ્રેડમા ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૨૧ છે. જે માટે સંસ્થા ખાતે ઓનલાઇન ફોર્મ ભરી આપવામા આવશે. આ અંગેની વધુ માહિતી માટે ઔધોગિક તાલીમ સંસ્થા-સુબિર, મુ.પો.સુબિર, તાલુકા પંચાયત કચેરીની સામે, જિલ્લો-ડાંગ (૦૧) શ્રી આર.એમ.પટેલ ફો.ઇ. ૯૦૧૬૩ ૪૨૫૮૭, (૦૨) શ્રી એચ.બી.ગાંગુર્ડે ૯૪૮૪૫ ૫૮૨૮૧નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર

ડોંગરેજી મહારાજ ની કર્મભૂમિ માલસર ખાતે ભગવત કથાનું આયોજન ઉપાધ્યાય પરિવાર લોલાડા તથા ભટ્ટ પરિવાર જોષીપુરા દ્વારા કથાનું આયોજન પિતૃ કલ્યાણ અર્થે કરવામાં આવ્યું છે કથાની વ્યાસપીઠ ઉપર આજ કુટુંબના કથાકાર પ્રોફેસર રાજેન્દ્ર શાસ્ત્રી જોષીપુરા વાળા ના મુખેથી ભગવત કથાનું રસપાન થઈ રહ્યું છે જેનું સમાપન રવિવારે તારીખ ૨૬ ડિસેમ્બર ના રોજ થશે આ પ્રસંગે રામપુરા દેત્રોજ માંડલ વિરમગામ તથા વડોદરા પંથકના ભાવિક ભક્તજનો લાભ લઈ રહ્યા છે આ કથામાં અમદાવાદથી સીધી એસ. ટી. બસ ના હોવાથી ભક્તજનો ને આવવા જવામાં તકલીફ પડી હતી

રાજ્ય સરકાર દ્વારા શિક્ષકોની પડતર માંગણીઓ નહી સંતોષતા

લીમખેડા તાલુકાના ૧૦૦થી વધુ શિક્ષકોએ જુની મામલતદાર કચેરી ખાતે ધરણાં કરી વિરોધ નોંધાવ્યો

મયુર રાઠોડ પ્રતિનિધિ - દાહોદ

ગુજરાત રાજયના શિક્ષકો છેલ્લા ઘણાં સમયથી જુની પેન્શન યોજના લાગુ કરવા સહિતના પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકાર દ્વારા કોઈ નિર્ણય નહી લેવામાં આવતાં શિક્ષકોએ સરકાર સામે બાયો ચઢાવી છે. જે અંતર્ગત આજે લીમખેડા તાલુકાના પ્રાથમિક શિક્ષકોએ જુની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ લીમખેડા ખાતે ધરણાં પર બેસી સરકારની નિતીઓનો સામે દેખાવો કર્યા છે.

લીમખેડા તાલુકાના પ્રાથમિક શિક્ષકો બપોરના ૧૨ થી ૪ દરમિયાન એટલે કે ચાર કલાક શિક્ષકો અહીંયા ધરણા પર બેઠા હતા. લગભગ ૧૦૦થી વધુ શિક્ષકો હાજર રહ્યા હતા. સરકારની કોવીડની ગાઈડલાઈન સાથે ધરણાં પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષકોએ વર્ધિત પેન્શન યોજના નાબૂદ કરી જી.પી.એફ. અને જૂની પેન્શન યોજનાનો અમલ કરવા સહિતની અનેક પડતર માંગણીઓ બાબતે શિક્ષકોએ ધારણ કરી દેખાવો કર્યા છે.

તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી માંગીલાલ પ્રજાપતિ જણાવે છે, શિક્ષકો ને નોકરી બાદ જીવનનિર્વાહ માટે પેન્શન મળવો ખૂબ જ જરૂરી છે જેને લઈને શિક્ષક સંઘ દ્વારા અનેકવાર રજૂઆત કરવા છતાં પણ સરકારે માંગણીઓ હજી સ્વીકારી નથી જેને લઈને આજે લીમખેડા તાલુકા પ્રાથમિક શિક્ષકોએ લિમખેડા મામલતદાર કચેરીએ ધરણા પ્રદર્શન કરી સરકારની નીતિઓનો વિરોધ નોંધાવ્યો છે અને માંગ કરી છે કે જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની શિક્ષકોની જે પડતર માંગણીઓ છે, સરકાર દ્વારા અમારી માંગણી વહેલી તકે સંતોષાઈ તેવી માંગ ઉઠી છે.

ખેડા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કમલેશ પટેલ જણાવે છે કે, જો કે તે બાદ પણ સરકારે અમારી માંગણીઓ પર ધ્યાન આપ્યુ નહી. અગાઉ પણ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં પણ અમારી માંગણીઓ નહી સંતોષતા આજે બીજા તબક્કામાં ધરણાં કાર્યક્રમ યોજી અમે અમારી માંગણી સંતોષવા સરકાર સામે બેઠા છે. જો આમને આમ રહેશે તો અમારી લડત પણ ચાલુ રહેશે.

આપ પ્રદેશ કાર્યાલય ખાતે પ્રભારી ગુલાબસિંગ અને મહેશ સવાણી આમરણાંત ઉપવાસ પર બેઠા

અમદાવાદ,તા.૨૩

હેડ ક્લાર્કની ભરતીના પેપર ફૂટ્યાં બાદ રાજયભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. હેડ ક્લાર્ક ભરતી કૌભાંડમાં ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાને પદ ઉપરથી હટાવી એમની સામે કાયદેસરના પગલાં ભરવા, યુવાનોને વળતર ચૂકવવામાં આવે એવી માંગ સાથે આમ આદમી પાર્ટીના પ્રભારી ગુલાબસિંગ યાદવ અને મહેશ સવાણી બુધવારે આમરણાંત ઉપવાસ પર કલેક્ટર ઓફિસ ખાતે બેસવાના હતા. પરંતુ પોલીસે અટકાયત કરી હતી. જે બાદ મોડી રાતે તેઓને મુક્ત કરવામાં આવ્યા હતા.

પોલીસે કલેક્ટર ઓફિસ પર ઉપવાસ ન કરવામાં આવતાં રાતે તેઓ પ્રદેશ કાર્યાલય ખાતે જ આમરણાંત ઉપવાસ પર બેસી ગયા છે. પ્રદેશ કાર્યાલય બહાર કમ્પાઉન્ડમાં જ તેઓ ગાદલા નાખી ઉપવાસ પર બેઠા છે. મોડી રાતે પેપરલીક કૌભાંડ સામે લાવનાર યુવરાજસિંહ પણ પ્રદેશ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. તેઓએ ગુલાબસિંગ અને મહેશ સવાણી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આપ દ્વારા અસિત વોરાના રાજીનામાની માગ સાથે સુરતમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ. જેમાં આપના કાર્યકરો-નેતાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસે આપના નેતાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. મારામારી દરમિયાન ઉમરાના પીઆઈને પણ ઈજા પહોંચી હતી. બે દિવસ પહેલાં ગાંધીનગરમાં પણ પોલીસ-ભાજપના કાર્યકર્તાઓ અને આપ વચ્ચે મારામારીની ઘટના બની હતી. હવે સુરતમાં ઝપાઝપી થઈ છે. આમ આદમી પાર્ટીએ જિલ્લા સેવા સદન ખાતે કલેકટરને મળીને આવેદનપત્ર પણ આપતા પહેલા જ અંદરના ગેટ ખાતેથી તેમને ડિટેઈન કરી લેવાયા હતા.

શ્રી ઈન્દ્રમાણા અમીઝરા વાસુપૂજય જીવરક્ષા અભિયાન આયોજિત ગામેગામ પંખીઘર ચબુતરા

શ્રી ઇન્દ્રમાણા અમીઝરા વાસુપૂજ્ય જીવરક્ષા અભિયાન

ચબુતરો એ ભારતની એક આકર્ષક પરંપરા છે. ભારતમાં તે ઠેર-ઠેર જોવા મળે ગુજરાતના ગામડામાં વચ્ચોવચ તેમજ રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ આ પરંપરા નજરે પડે છે. તેનુ નામ ચબુતરો છે. ટાવર જેવા ઉંચા મિનારા જેવુ બાંધકામ, ઉપરના ભાગે પક્ષીઓને માળા બાંધવા માટેના મોટા હોલ (કાણા) અને તેની તરત નીચે પક્ષીને ચણ ખાવા માટે મિનારાની ફરતે ગોળ છાજલી. મોટા હોલમાં કબુતર અને ચકલા માળો બાંધી શકે અને બચ્ચા મૂકી શકે એવી વ્યવસ્થા હોય છે. એક પીલર પર ઉભો કરાતો ચબુતરાની ઠેઠ નીચે ઓટલો બનાવાયો હોય છે જેના પર બેસી ગામના લોકો ટોળ-ટપ્પાં માર્યા કરે છે. અહીં કોઈપણ પ્રકારના પક્ષી આવીને ચણ ચણીને ઉડી જાય છે. આ ચબુતરો એ વાતનો સંકેત આપે છે કે પક્ષીઓને ચણવા માટે મુકત જગ્યા આપવી જોઈએ.

મોટાભાગના ચબુતરા પક્ષીઓના ચણ માટે તેમજ નીચેનો ઓટલો બેસવા માટે બનાવાયો હોય છે. આ ચબુતરો દીવાદાંડી જેવા બનાવાયા હોય છે. જેના પર પક્ષીઓ આરામ પણ કરી શકે છે અને ચણ ચણી શકે છે. એક દંડિયા ચબુતરા તરીકે ઓળખાતા સ્ટ્રકચરની ઉપર ચણની જગ્યા તેમજ પાણી માટે નાનું વાસણ પણ મુકી શકાય એવી વ્યવસ્થા હોય છે. કેટલાક ચબૂતરા રૂમ જેટલા મોટા હોય છે તે પથ્થર તેમજ ઈંટોના બનાવેલા હોય છે તેમાં વિવિધ પક્ષીઓ ગોખલામાં બેસીને આરામ કરી શકે એવી વ્યવસ્થા હોય છે. કાબર, કોયલ, કબુતર, મોર વગેરે મોટા ચબુતરાના રૂમમાં ફર્યા કરે છે.

ગુજરાતી ચબૂતરો શબ્દ કબૂતર પરથી આવ્યો છે. કબૂતરના ચણ માટે તૈયાર કરેલા સ્ટ્રકચરનું લોકજીભે થયેલું ટ્રાન્સલેશન એટલે ચબુતરો. કૃષિ સાથે સંકળાયેલા અને વેપારી વર્ગના લોકો કબૂતરને નિયમિત ચણ નાખે છે. સામાન્ય રીતે કબૂતર પ્લાન્ટનાં બીયા, ઝાડની છાલ વગેરે ખાતા હોય છે. ગામના લોકો નાની કોથળીમાં જુવાર જેવું ચણ લઈ આવે છે અને ચબૂતરા પર મુકે છે. કચ્છમાં ચબૂતરા વધુ દેખાય છે કેમ કે ત્યાં ચબુતરા બનાવતા મિસ્ત્રી, નિષ્ણાંત સુથારો વગેરે રહે છે. જગતની સર્વજીવોનાં કલ્યાણની ભાવનાથી શ્રી ઇન્દ્રમાણા અમીઝરા વાસુપૂજય જીવરક્ષા અભિયાન અંતર્ગત ૬ વર્ષ પહેલા ગામે ગામ પંખીઘર ચબુતરા બનાવવાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પથ્થરમાં બનાવેલ અલગ-અલગ ૯ થી ૧૦ ડિઝાઈનો અભિયાન દ્વારા બનાવવામાં આવી. આ અભિયાનમાં જેમ જેમ દાનેશ્વરી દાતાઓ મળતા ગયા તેમ તેમ દાનેશ્વરી દાતાઓ અને ૧૩૨ સભ્યોનો સાથ સહકારથી અત્યાર સુધીમાં ૬૧ પંખીઘર ચબુતરા તૈયાર થઈ ગયા છે અને તે સિવાય ૧૩ પંખીઘર ચબુતરાનું કાર્ય ચાલુ છે. આ પંખીઘરોની અંદર ૬૦ ઘરોથી ૬૦૦ ઘર સુધીના પંખીઘર બનાવવામાં આવે છે. જેમાં હજારો પંખીઓ રહી શકે તે રીતે તેમને અલગ અલગ પ્રાઈવેટ ફલેટ આપવામાં આવે છે. હવા-ઉજાસ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. અભિયાન દ્વારા તે સિવાય પાંજરાપોળ વિકાસના પણ કાર્યો કરવામાં આવે છે. જો તમે પણ તમારા ગામમાં તમારી કે તમારા સ્વજનોની યાદમાં એક પંખીઘર ચબૂતરો બનાવવા ઈચ્છતા હોય તો આ અંગે વિશેષ માહિતી માટે અલ્પેશભાઈ શાહ (મો.૯૭૨૫૫૯૭૭૦૧), વસંતભાઈ (મો.૯૮૨૫૮ ૬૬૮૩૧) નો સંપર્ક કરવા મિતલ ખેતાણીની યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.